BRC ભવન વઢવાણ
EDUCATION PORTAL

સમગ્ર શિક્ષા
Samagra Shiksha

# સમગ્ર શિક્ષા

## સુરેન્દ્રનગર

## પ્રાર્થનાસંગ્રહ



# 1. સોમવારે ગવાતી પ્રાર્થનાઓ... ....................................4


1. સરસ્વતી વંદના... 4
2. અમે તો તારાં નાનાં બાળ... 5
3. અસત્યો માંહેથી ... 6
4. ઈતની શકિત હમેં દેના દાતા..... 7
5. એ માલિક તેરે બંદે હમ.... 8
6. એક જ દે ચિનગારી...... 9
7. ઓ ઈશ્વર ભજીએ તને..... 10
8. હે કરુણાના કરનારા...... 11
9. ઓ પ્રભુ તારા ચરણકમળમાં..... 12
10. जय जय हे भगवति 13
11. જીવન અંજલિ થાજો..... 14
12. તું મને ભગવાન એક વરદાન આપી દે .... 15
13. તેરી પનાહ મેં હમે રખના.... 16
14. દુનિયા આખીમાં મારે.... 17
15. નૈયા ઝૂકાવી મેં તો..... 18
16. પરોઢિયે પંખી જાગીને 19
17. મંગલ મંદિર ખોલો... 20
18. મંદિર તારું વિશ્વરૂપાળું..... 21
19. મનુષ્ય તુ બડા મહાન હૈ..... 22
20. મારૂ હૈયું છલકતું તું રાખજે 23
21. મૈત્રીભાવનું પવિત્ર ઝરણું.... 24
22. રઘુપતિ રાઘવ રાજારામ 25
23. વંદન કરીએ શ્રીપ્રભુ ... 26
24. વૈષ્ણવ જન તો તેને રે કહીયે... 27
25. પર્વત તારા...... 28
26. ૐ તત સત શ્રી... 29
27. સૌનું કરો કલ્યાણ, દયાળુ પ્રભુ.. 30
28. હું કરું વિનંતી... 31
29. શંભુ ચરણે પડી 32
30. પ્રાણીમાત્રને રક્ષણ આપ્યું,માન્યા સમ સહુને 33
31. सुबह सवेरे लेकर तेरा नाम प्रभु... 34
32. तेरी है ज़मीन तेरा आसमान 35
33. WHISPER A PRAYER... 36
34. GOD'S LOVE IS SO WONDERFUL... 37


# 2. મંગળવારે ગવાતી પ્રાર્થનાઓ... ................................38


35. જીવું છું રસીલા...... 38
36. તુમ્હી હો માતા પિતા તુમ્હી હો..... 39
37. દરિયાને તીર એક રેતીની ઓટલી... 40
38. ભૂલો ભલે બીજું બધું, માબાપને ભૂલશો નહી 42
39. વંદે દેવી શારદા... 43

40. हम होंगे कामयाब... 45
41. હે મા શારદા 46
42. પરમેશ્વર કેવા હશે.... 47
43. મેરે અચ્છે ભગવાન... 49
44. GOD IS SO GOOD... 50
45. ALL THINGS BRIGHT N BEAUTIFUL... 51
46. MAY GOD BE IN MY HEART... 51
47. LIKE THE SUNFLOWER... 54
48. WE SHALL OVERCOME... 55

# 3. બુધવારે ગવાતી પ્રાર્થનાઓ... 56

49. ભૂલો ભલે બીજું બધું... 56
50. દિલમાં દીવો કરો 57
51. કરજો કરજો નૈયા પાર..... 59
52. અમે નાના નાના બાળ સૌ ભગવાનના... 60
53. આપને તારા અન્તરનો એક તાર...... 61
54. ગમે તે સ્વરૂપે.... 62
55. દયા કર દાન વિદ્યાકા..... 63
56. જીવન જ્યોત જગાવો...... 64
57. ગુજારે જે શિરે તારે... 65
58. ના દો તો પ્રભુ... 66
59. હળી મળી બેઘડી.. 66
60. હમકો મનકી શક્તિ દેના 68
61. ओ पालनहारे..... 69
62. तेरा मंगल तेरा मंगल होय रे सबका मंगल.... 70
63. THANK YOU GOD... 71
64. PRAYER FOR SCHOOL AND PLAY... 72
65. PRAYER OF THANKSGIVING... 73

# 4. ગુરુવારે ગવાતી પ્રાર્થનાઓ... 74

66. શ્રી રામચંદ્ર કૃપાલુ ભજ મન 74
67. પ્રભુ અંતરયામી... 76
68. ના દો તો પ્રભુ..... 77
69. સરસ્વતી માત હો મારી... 78
70. તમે મન મુકીને વરસ્યા... 79
71. મને કહોને પરમેશ્વર કેવા હશે ? 80
72. વંદે દેવી શારદા... 81
73. ઓ પ્રભુ મારું જીવન 83
74. જીવનજ્યોત જગાવો 84
75. પ્રભો અંતરયામી 85
76. LORD YOU ARE ALWAYS WITH US... 86
77. COME LORD... 87
78. PRAYER FOR KINDNESS... 88

# 5. શુક્રવારે ગવાતી પ્રાર્થનાઓ... ..................................... 89


79. હે શારદે માં... 89
80. अच्चुतम केशवं कृष्ण दामोदरं..... 91
81. જૈસે સૂરજ કી ગરમી સે જલતે હુએ તનકો.. 92
82. મુખડાની માયા લાગી રે... 93
83. અમી ભરેલી નજરું રાખો...... 94
84. આપજો આપજો સારું સઘળું 95
85. આપને તારા અંતરનો એક તાર 96
86. ભક્તિ કરતાં છૂટે મારાં પ્રાણ 97
87. YOU ARE WITH ME... 98


# 6. શનિવારે ગવાતી પ્રાર્થનાઓ... ................................... 99


88. રાખ સદા તવ ચરણે 99
89. વીણાવાદિની વર દે 100
90. હનુમાન ચાલીસા 101
91. મંગલ મૂરતિ મારુતિ નંદન... 102
92. ધૂણી રે ધખાવી 103
93. માને તો મનાવી લેજો રે 104
94. રાખનાં રમકડાં 105
95. આનંદ મંગલ કરું આરતી 106

# 1. સોમવારે ગવાતી પ્રાર્થનાઓ...

## 1. સરસ્વતી વંદના...

યા કુન્દેન્દુ તુષાર-હાર ધવલા, યા શુભ્ર વસ્ત્રાવૃતા,

યા વીણા - વરદંડ-મંડિત – કરા, યા શ્વેત પદ્માસના,

યા બ્રહ્માડચ્યુત -શંકર પ્રભુતિભિ:, દેવૈ સદા વન્દિતા,

સા મામ પાતુ સરસ્વતી, ભગવતી નિઃશેષ જાડ્યાપહા.

## 2. અમે તો તારાં નાનાં બાળ...

અમે તો તારાં નાનાં બાળ,
અમારી તું લેજે સંભાળ ... અમે તો તારાં.
ડગલે પગલે ભૂલો અમારી,
દે સદબુદ્ધિ ભૂલો વિસારી,
તુજ વિણ કોણ લેશે સંભાળ ... અમે તો તારાં.

દીનદુઃખિયાના દુઃખ હરવાને,
આપો બળ મને સહાય થવાને,
અમ પર પ્રેમ ઘણો વરસાવ ... અમે તો તારાં.

બાલ જીવન અમ વીતે હર્ષે,
ના દુનિયાની મલિનતા સ્પર્શે,
અમારું હસવું રહે ચિરકાળ ... અમે તો તારાં.

# 3. અસત્યો માંહેથી ...

અસત્યો માંહેથી પ્રભુ! પરમ સત્યે તું લઈ જા,
ઊંડા અંધારેથી, પ્રભુ! પરમ તેજે તું લઈ જા;
મહામૃત્યુમાંથી, અમૃત સમીપે નાથ લઈ જા.
તું-હીણો હું છું તો, તુજ દરસનાં દાન દઈ જા.
પિતા! પેલો આઘે, જગત વીંટાતો સાગર રહે,
અને વેગે પાણી સકળ નદીનાં તે ગમ વહે;
વહો એવી નિત્યે મુજ જીવનની સર્વ ઝરણી,
દયાના પુણ્યોના, તુજ પ્રભુ! મહાસાગર ભણી.

થતું જે કાયાથી, ઘડીક ઘડી વાણીથી ઊચરું,
કૃતિ ઇંદ્રિયોની, મુજ મન વિશે ભાવ જ સ્મરું;
સ્વભાવે બુદ્ધિથી, શુભ-અશુભ જે કાંઈક કરું,
ક્ષમાદૃષ્ટે જોજો, – તુજ ચરણમાં નાથજી! ધરું.

## 4. ઈતની શકિત હમેં દેના દાતા.....

ઈતની શકિત હમેં દેના દાતા, મનકા વિશ્વાસ કમજોર હો ના,

હમ ચલે નેક રસ્તે પે હમસે, ભૂલ કરભી કોઈ ભૂલ હોના,

ઈતની શકિત...

દૂર અજ્ઞાન કે હો અંધેરે, તુ હમે જ્ઞાન કી રોશની દે,

હર બુરાઈ સે બચતે રહે હમ જિતની ભી દે, ભલી જિંદગી દે,

બૈર હોના કિસીકા કિસીસે, ભાવના મન મે બદલે કી હો ના,

હમ ચલે નેક રસ્તે પે હમસે, ભૂલ કરભી કોઈ ભૂલ હોના,

ઈતની શકિત...

હમ ના સોચેં હમે કયા મિલા હે, હમ યે સોચે કિયા કયા હૈ અર્પણ,

ફુલ ખુશિયો કે બાંટે સભીકો, સબકા જીવન હી બનજાયે મધુવન,

અપની કરૂણા કા જલ તુમ બહાકર, કરદે પાવન હર એક મન કા કોના,

હમ ચલે નેક રસ્તે પે હમસે, ભૂલ કરભી કોઈ ભૂલ હોના,

ઈતની શકિત હમેં દેના દાતા...

# 5. એ માલિક તેરે બંદે હમ....

એ માલિક તેરે બંદે હમ,ઐસે હો હમારે કદમ

નેકી પર ચલે ઔર બદી સે ટલે,

તાકી હંસતે હુએ નિકલે દમ... એ માલિક...

હે અંધેરા ઘના છા રહા, તેરા ઇન્સાન ઘબરા રહા,

વો રહા બેખબર, કુછ ન આતા નજર,

સુખ કા સૂરજ છૂપા જા રહા,

હૈ તેરી રોશની મે હો દમ, તૂ અમાવસ કો કર દે પૂનમ,

નેકી પર ચલે ઔર બદી સે ટલે,

તાકી હંસતે હુયે નિકલે દમ... હે માલિક...

જબ જુલમો કા હો સામના,તબ તુ હી હમેં થામના,

જો બુરાઈ કરે, હમ ભલાઈ કરે,

નહીં બદલે કી ભાવના,

જબ ઉઠે પ્યાર કા હર કદમ, ઔર મિટે બૈર કા યહ ભરમ,

નેકી પર ચલે, ઔર બદી સે ટલે,

તાકી હંસતે હુયે, નિકલે દમ... હે માલિક...

એ માલિક તેરે બંદે હમ....

# 6. એક જ દે ચિનગારી......

એક જ દે ચિનગારી, મહાનલ !

એક જ દે ચિનગારી.

ચકમક લોઢું ઘસતાં ઘસતાં ખરચી જિંદગી સારી

જામગરીમાં તણખો ન પડ્યો, ન ફળી મહેનત મારી

મહાનલ... એક દે ચિનગારી...

ચાંદો સળગ્યો, સૂરજ સળગ્યો, સળગી આભઅટારી

ના સળગી એક સગડી મારી, વાત વિપતની ભારી

મહાનલ... એક દે ચિનગારી...

ઠંડીમાં મુજ કાયા થથરે, ખૂટી ધીરજ મારી

વિશ્વાનલ ! હું અધિક ન માગું, માગું એક ચિનગારી

મહાનલ... એક દે ચિનગારી...

## 7. ઓ ઈશ્વર ભજીએ તને.....

ઓ ઈશ્વર ભજીએ તને, મોટું છે તુજ નામ;

ગુણ તારાં નિત ગાઈએ, થાય અમારાં કામ;

હેત લાવી હસાવ તું, સદા રાખ દિલ સાફ;

ભૂલ કદી કરીએ અમે, તો પ્રભુ કરજે માફ.

પરોઢિયે નિત ઊઠીને લેવું ઈશ્વર નામ;

દાતણ કરી નાહ્યા પછી કરવા પાઠ તમામ;

કહ્યું કરો મા-બાપનું દો મોટાંને માન;

ગુરુને બાપ સમા ગણશો મળશે સારું જ્ઞાન.

આસપાસ આકાશમાં, અંતરમાં આભાસ;

ઘાસચાસની પાસ પણ, વિશ્વપતિનો વાસ;

ભોંયમાં પેસી ભોંયરે કરીએ છાની વાત;

ઘડીએ મનમાં ઘાટ તે જાણે જગનો તાત.

ખાલી જગ્યા ખોળીએ, કણી મૂકવા કાજ;

ક્યાંયે જગતકર્તા વિના, ખાલી મળે ન ઠામ.

નિંદ્રામહીં નહિ હતું તન ભાન જ્યારે,

જેણે જુઓ પૂરણ રક્ષણ કીધું ત્યારે,

તેને પ્રભાત સમયે પ્રથમે સ્મરું રે,

કાર્યો બધાં દિવસનાં પછીથી કરું રે.

## 8. હે કરુણાના કરનારા......

હે કરુણાના કરનારા, તારી કરુણાનો કોઈ પાર નથી

હે સંકટના હરનારા, તારી કરુણાનો કોઈ પાર નથી

મેં પાપ કર્યા છે એવાં, હું તો ભૂલ્યો તારી સેવા

મારી ભૂલોને ભૂલનારા, તારી કરુણાનો કોઈ પાર નથી

હું અંતરમાં થઈ રાજી, ખેલ્યો છું અવળી બાજી

અવળી સવળી કરનારા, તારી કરુણાનો કોઈ પાર નથી

હે પરમ કૃપાળુ વ્હાલા, મેં પીધા વિષના પ્યાલા

વિષને અમૃત કરનારા, તારી કરુણાનો કોઈ પાર નથી

કદી છોરુ કછોરું થાયે, પણ તું માવિતર કહેવાયે

મીઠી છાયાના દેનારા, તારી કરુણાનો કોઈ પાર નથી

મને જડતો નથી કિનારો, મારો ક્યાંથી આવે આરો

મારી નાવના ખેવણહારા, તારી કરુણાનો કોઈ પાર નથી

છે જીવન મારું ઉદાસી, તું શરણે લે અવિનાશી

મારા દિલમાં હે રમનારા, તારી કરુણાનો કોઈ પાર નથી

## ૧. ઓ પ્રભુ તારા ચરણકમળમાં.....

ઓ પ્રભુ તારા ચરણકમળમાં આ જીવન કુરબાન છે, (૨)
મારા જીવનની આ નૈયા તુજ હાથે સુકાન છે,
ઓ પ્રભુ તારા...

જ્યાં લઈ જા ત્યાં જાવું મારે તું મારું નિશાન છે, (૨)
પાર ઉતારે કે ઈ તારે પરવશ મારા પ્રાણ છે,
ઓ પ્રભુ તારા...

લોકો કહે ના આગળ વધશો સાગરમાં તુફાન છે, (૨)
પણ તું મુજને જાણનારો જગનો તારણહાર છે,
ઓ પ્રભુ તારા...

આંધી આવે ભરતી આવે મારું તુજમાં ધ્યાન છે, (૨)
મારા મનનો એક જ નિશ્ચય તારું એક જ નામ છે,
ઓ પ્રભુ તારા...

તારી મંજિલ દૂર છે કેટલી તેનું મને ના ભાન છે, (૨)
સંસાર સાગર પાર કરી લઉં દિલ માં એક અરમાન છે,
ઓ પ્રભુ તારા...

ઓ પ્રભુ તારા ચરણકમળમાં આ જીવન કુરબાન છે, (૨)
મારા જીવનની આ નૈયા તુજ હાથે સુકાન છે,
ઓ પ્રભુ તારા...

## 10. जय जय हे भगवति

जय जय हे भगवति सुरभारति
तव चरणौ प्रणमामः ।
नादब्रह्ममयि जय वागीश्वरि
शरणं ते गच्छामः ॥

त्वमसि शरण्या त्रिभुवनधन्या
सुर-मुनि-वन्दित-चरणा
नवरसमधुरा कवितामुखरा
स्मित-रुचि-रुचिराभरणा ॥

आसीना भव मानसहंसे
कुन्द-तुहिन-शशि-धवले
हर जडतां कुरु बोधिविकासं
सित-पङ्कज-तनु-विमले ॥

ललितकलामयि ज्ञानविभामयि
वीणा-पुस्तक-धारिणी
मतिरास्तां नो तव पदकमले
अयि कुण्ठाविषहारिणि ॥

# 11. જીવન અંજલિ થાજો.....

મારું જીવન અંજલિ થાજો !

ભૂખ્યાં કાજે ભોજન બનજો, તરસ્યાનું જળ થાજો;

દીનદુ:ખિયાનાં આંસુ લો'તાં અંતર કદી ન ધરાજો!

મારું જીવન અંજલિ થાજો !

સતની કાંટાળી કેડી પર પુષ્પ બની પથરાજો;

ઝેર જગતનાં જીરવી જીરવી અમૃત ઉરનાં પાજો!

મારું જીવન અંજલિ થાજો !

વણથાક્યા ચરણો મારા નિત તારી સમીપે ધાજો;

હૈયાના પ્રત્યેક સ્પન્દને તારું નામ રટાજો !

મારું જીવન અંજલિ થાજો !

વમળોની વચ્ચે નૈયા મુજ હાલકલોલક થાજો;

શ્રધ્ધા કેરો દીપક મારો નવ કદીયે ઓલવાજો!

મારું જીવન અંજલિ થાજો !

## 12. તું મને ભગવાન એક વરદાન આપી દે ....

તું મને ભગવાન એક વરદાન આપી દે
જ્યાં વસે છે તું મને ત્યાં સ્થાન આપી દે ...(૨)

હું જીવું ચુ એ જગત માં જ્યાં નથી જીવન
ઝીંદગી નું નામ છે બસ બોઝ ને બંધન ...(૨)

આખરી અવતાર નું મંડાણ બાંધી દે
જ્યાં વસે છે તું મને ત્યાં સ્થાન આપી દે ...(૨)

તું મને ભગવાન એક વરદાન આપી દે
જ્યાં વસે છે તું મને ત્યાં સ્થાન આપી દે ...(૧)

આ ભૂમિ માં ખૂબ ગાજે પાપ ના પડઘમ
બેસૂરી થઇ જયી હમારી પુણ્ય ની સરગમ ...(૨)

દિલ રુબના તાર નું ભાંગન સાંધી દે
જ્યાં વસે છે તું મને ત્યાં સ્થાન આપી દે ...(૨)

તું મને ભગવાન એક વરદાન આપી દે
જ્યાં વસે છે તું મને ત્યાં સ્થાન આપી દે ...(૧)

જો વતન માં જ્યાં લાગી છે સૌ કરે શોષણ
જોમ અ જતા કોઈ અહિયાં ના કરે પોષણ ...(૨)

મતલબી સંસાર નું જો દાન કાપી દે
જ્યાં વસેચે તું મને ત્યાં સ્થાન આપી દે ....(૪)

તું મને બહ્ગ્વાન એક વરદાન આપી દે
જ્યાં વસેચે તું મને ત્યાં સ્થાન આપી દે ...(૪)

# 13. તેરી પનાહ મેં હમે રખના....

તેરી પનાહ મેં હમે રખના

શીખે હમે નેક રાહ પર ચલના.

કપટ કર્મ ચોરી બેઈમાની, ઔર હિંસા સે હમકો બચાના,

નાલી કા બન જાઊ ન પાની, નિર્મલ ગંગા જલ હી બનાના,

અપની નિગાહ મેં હમે રખના.....

તેરી પનાહ મેં હમે રખના

શીખે હમે નેક રાહ પર ચલના.

ક્ષમાવાન કોઈ તુજસા નહી ઔર, મુજસા નહી કોઈ અપરાધી,

પુણ્ય કી નગરી મેં ભી મૈને, પાપો કી ગઠરી હી બાંધી,

કરુણાકી છાવ મેં હમે રખના.....

તેરી પનાહ મેં હમે રખના

શીખે હમે નેક રાહ પર ચલના.

## 14. દુનિયા આખીમાં મારે....

દુનિયા આખીમાં મારે છે, ઘણું ઘણું જોવાનું,
અહીંયા બેસી રે'તા મારે, શું શું નહિ ખોવાનું ?

ધરતીનો છેડો ક્યાંને, સૂરજ આવે છે ક્યાંથી?
કોયલ કાળી, પોપટ લીલો, બગલો ધોળો શાથી?

શિયાળો ઠંડો છે શાથી?, ગરમી કેમ ઉનાળે?
ચોમાસામાં ગાજવીજ શેં?, નણખો શાથી બળે?

ચારે પગે પશુ કેમ ચાલે?, પંખીને કેમ પાંખો ?
આવી દુનિયા જોવા મુજને, દીધી કોણે આંખો?

# 15. નૈયા ઝૂકાવી મેં તો.....

નૈયા ઝૂકાવી મેં તો જોજે ડૂબી જાય ના,

ઝાંખો ઝાંખો દીવો મારો જોજે રે બુઝાય ના...

સ્વારથનું સંગીત ચારે કોર બાજે,

કોઈ નથી કોઈનું આ જગમાં આજે,

તનનો તંબુરો જોજે બેસુરો થાય ના... ઝાંખો ૧

પાપ ને પુણ્યના ભેદ રે ભૂલાતા,

રાગ ને દ્વેષ આજે ઘરઘર ઘુંટાતા,

જોજે આ જીવતરમાં ઝેર પ્રસરાય ના... ઝાંખો ૨

શ્રદ્ધાના દીવડાને જલતો જ રાખજે,

નિશદીન સ્નેહ કેરુ તેલ તેમાં પૂરજે,

મનના મંદિરને જોજે અંધારું થાય ના... ઝાંખો ૩

# 16. પરોઢિયે પંખી જાગીને

પરોઢિયે પંખી જાગીને,
ગાતાં મીઠાં તારાં ગાન,
પરોઢિયે મંદિર મસ્જિદમાં,
ધરતા લોકો તારું ધ્યાન.

હરતાં ફરતાં કે નિંદરમાં,
રાતે દિવસે સાંજ સવાર,
તારો અમને સાથ સદાયે,
તું છે સૌનો રક્ષણહાર.

તું ધરતીમાં, તું છે નભમાં,
સાગર મહીં વસે છે તું.
ચાંદા સૂરજમાંયે તું છે.
ફૂલો માંહી હસે છે તું.

દેવ, બનાવી દુનિયા છે તેં,
તારો છે સૌને આધાર,
તું છે સૌનો, સૌ તારાં છે.
નમીએ તુજને વારંવાર.

# 17. મંગલ મંદિર ખોલો...

મંગલ મન્દિર ખોલો,

દયામય ! મંગલ મન્દિર ખોલો !

જીવન વન અતિ વેગે વટાવ્યું,

દ્વાર ઊભો શિશુ ભોળો,

દયામય ! મંગલ મન્દિર ખોલો !

તિમિર ગયું ને જ્યોતિ પ્રકાશ્યો,

શિશુને ઉરમાં લ્યો, લ્યો,

દયામય ! મંગલ મન્દિર ખોલો !

નામ મધુર તમ રટ્યો નિરન્તર,

શિશુ સહ પ્રેમે બોલો,

દયામય ! મંગલ મન્દિર ખોલો !

દિવ્ય-તૃષાતુર આવ્યો બાલક,

પ્રેમ-અમીરસ ઢોળો,

દયામય ! મંગલ મન્દિર ખોલો !

## 18. મંદિર તારું વિશ્વરૂપાળું.....

મંદિર તારું વિશ્વરૂપાળું, સુંદર સરજનહારા રે;

પળ પળ તારાં દર્શન થાયે, દેખે દેખણહારા રે.

નહિ પૂજારી નહિ કોઈ દેવા, નહિ મંદિરને તાળાં રે;

નીલ ગગનમાં મહિમા ગાતા, ચાંદો સૂરજ તારા રે.

વર્ણન કરતાં શોભા તારી, થાક્યા કવિગણ ધીરા રે;

મંદિરમાં તું કયાં છુપાયો, શોધે બાળ અધીરા રે.

## 19. મનુષ્ય તુ બડા મહાન હૈ.....

મનુષ્ય તુ બડા મહાન હૈ

ધરતી કી શાન  તુ હે પ્રભુ કી સંતાન

તેરી મુઠ્ઠિયો મેં બંદ તુફાન હૈ રે

મનુષ્ય  તુ બડા મહાન હૈ ભુલ મત

મનુષ્ય તુ બડા મહાન હૈ

તુ જો ચાહે પર્વત પહાડો કો ફોડ દે

તુ જો ચાહે નદિયો કે મુખ કો ભી મોડ દે

તુ જો ચાહે માટી સે અમૃત નિચોડ દે

તુ જો ચાહે ધરતી કો અંબર સે જોડ દે

અમર તેરે પ્રાણ ( ૨ )

અમર તેરે પ્રાણ મિલા તુજકો વરદાન

તેરી આત્મા મે સ્વયં ભગવાન હૈ રે

મનુષ્ય તુ બડા મહાન હૈ ભુલ મત...

મનુષ્ય તુ બડા મહાન હૈ

નયનો મેં જવાલા તેરી ગતિ મે ભૂચાલ

તેરી છાતી મેં છુપા મહાકાલ હૈ

નિજ કો તુ જાન ( ૨ )

નિજ કો તુ જાન જરા શકિત પહચાન

તેરી વાણીમેં યુગ કા આહવાન હૈ રે

મનુષ્ય તુ બડા મહાન હૈ ભુલ મત.....

# 20. મારૂ હૈયું છલકતું તું રાખજે

હે મારૂ હૈયું છલકતું તું રાખજે, હારે એમાં ભાવો ખોબે ખોબે નાખજે

કોઈના ઉપર મને ઈર્ષા આવે નહી, કોઈનું જોઈને મારૂં કાળજું બળે નહી

ઓ શારદા રે ઓ શારદા રે, દિલ ને હરિયાળું બનાવજે,

હે મારૂ હૈયું છલકતું તું રાખજે ...................

જયાં જયાં જુઓ ત્યાં ભાવો વધ્યા છે, હૈયાના ભાવો ત્યાં ત્યાં ઘટ્યા છે

ઓ શારદા રે ઓ શારદા રે, હૈયાને ભાવભર્યું રાખજે,

હે મારૂં હૈયું છલકતું તું રાખજે ..................

તનડાના સુખડાના સાધન વધ્યા છે, દિલને ઠારવાના સાધન ઘટ્યા છે

ઓ શારદા રે ઓ શારદા રે, દિલને દયાળુ બનાવજે,

હે મારૂં હૈયું છલકતું તું રાખજે ....................

મનનો માનેલ મોહન જીવનજીવે છે, મારો માનેલ મોહન મુજને નડે છે

ઓ શારદા રે ઓ શારદા રે, એને તારી દોરવણી એ રાખજે.

હે મારૂં હૈયું છલકતું તું રાખજે હારે એમાં ભાવો ખોબે ખોબે નાખજે

## 21. મૈત્રીભાવનું પવિત્ર ઝરણું....

મૈત્રીભાવનું પવિત્ર ઝરણું, મુજ હૈયામાં વહ્યા કરે,
શુભ થાઓ આ સકલ વિશ્વનું, એવી ભાવના નિત્ય રહે..

ગુણથી ભરેલા ગુણીજન દેખી, હૈયું મારું નૃત્ય કરે
એ સંતોના ચરણકમળમાં, મુજ જીવનનું અર્ધ્ય રહે..

દીન, ક્રૂર ને ધર્મવિહોણા, દેખી દિલમાં દર્દ રહે,
કરુણાભીની આંખોમાંથી, અશ્રુનો શુભ સ્ત્રોત વહે..

માર્ગ ભૂલેલા જીવનપથિકને, માર્ગ ચીંધવા ઊભો રહું,
કરે ઉપેક્ષા એ મારગની, તોયે સમતા ચિત ધરું...

ચિત્રભાનું ની ધર્મ ભાવના, હૈયે સહુ માનવ લાવે,
વેરઝેરના પાપ ત્યજીને, મંગળ ગીતો એ ગાયે...

# 22. રઘુપતિ રાઘવ રાજારામ

રઘુપતિ રાઘવ રાજારામ, પતિત પાવન સીતારામ.

સીતારામ સીતારામ, ભજ પ્યારે તુ સીતારામ.

કૌશલ્યાના પ્યારા રામ, દશરથના દુલારા રામ.

રઘુપતિ રાઘવ રાજારામ, પતિત પાવન સીતારામ.

અયોધ્યાન રાજા રામ, હનુમાજીના વહાલારામ.

લક્ષ્મણજીના સાથી રામ, ભરતજીના બંધુ રામ.

રઘુપતિ રાઘવ રાજારામ, પતિત પાવન સીતારામ.

રાત્રે નિદ્રા દિવસે કામ, ક્યારે ભજશો સીતારામ?

સીતારામ સીતારામ ભજ પ્યારે,

નહીં મનુષ્ય જનમમાં રમવા રે.

## 23. વંદન કરીએ શ્રીપ્રભુ ...

વંદન કરીએ શ્રીપ્રભુ ચરણે રાખો અમને શરણે રે.

અંતરની છે અરજ અમારી ધ્યાન ધરીને સુણજો રે ... વંદન કરીએ.

પહેલું વંદન ગણપતિ તમને, રિદ્ધિ સિદ્ધિ આપો રે,

બીજું વંદન માત સરસ્વતી, સત્ય વાણી અમ આપો ને ... વંદન કરીએ.

ત્રીજું વંદન ગુરુજી તમને, વિદ્યા માર્ગે વાળો રે,

ચોથું વંદન માતપિતાને, આશિષ અમને આપો રે ... વંદન કરીએ.

પાંચમું વંદન પરમેશ્વરને, સદબુદ્ધિને આપો રે,

વિનવે નાનાં બાળ તમારાં, પ્રભુ ચરણમાં રાખો રે ... વંદન કરીએ.

# 24. વૈષ્ણવ જન તો તેને રે કહીયે...

વૈષ્ણવ જન તો તેને રે કહીયે, જે પીડ પરાઈ જાણે રે.

પરદુઃખે ઉપકાર કરે તોયે, મન અભિમાન ન આણે રે... વૈષ્ણવ જન

સકળ લોકમાં સહુને વંદે, નિંદા ન કરે કે'ની રે.

વાચ કાછ મન નિશ્ચલ રાખે, ધન ધન જનની તેની રે... વૈષ્ણવ જન

સમદ્રષ્ટિને તૃષ્ણાા ત્યાગી, પરસ્ત્રી જેને માત રે.

જિહ્વા થકી અસત્ય ન બોલે, પરધન નવ ઝાલે હાથ રે... વૈષ્ણવ જન

મોહ માયા વ્યાપે નહિ જેને, દ્રઢ વૈરાગ્ય જેના મનમાં રે.

રામ નામ શું તાળી રે વાગી, સકળ તિરથ તેના તનમાં રે... વૈષ્ણવ જન

વણલોભી ને કપટરહિત છે, કામ ક્રોધ નિવાર્યા રે.

ભણે નરસૈયો તેનું દર્શન કરતા, કુળ ઈકોતેર તાર્યા રે... વૈષ્ણવ જન

# 25. પર્વત તારા......

પર્વત તારા પહોળા ખંભા, સરવર તારી આંખ,

હે ઈશ્વર! હું તને જોઉં છું, ક્યાંક ક્યાંક ને ક્યાંક.

દરિયો તારું દિલ વિશાળું : વૃક્ષો તારી વાત,

મેઘધનુષ્યના રંગોમાં તું રમી રહ્યો રળિયાત.

તું તરણાંનો તારણહારો, ઝરણાંનો તું નાદ,

ફૂલફૂલની રંગસુગંધે તારી છે સોગાદ.

સિંહવાઘ ને કોયલ, બુલબુલ, પતંગિયાં ને તમરાં,

સૂર્યચંદ્ર ને તારા આભે : અહીં આગિયા, ભમરા.

# 26. ૐ તત સત શ્રી...

ૐ તત સત શ્રી નારાયણ તું પુરૂષોત્તમ ગુરૂ તું.

સિધ્ધ બુધ્ધ તું, સ્કંદ વિનાયક, સવિતા પાવક તું.

બ્રહ્મ મઝદ તું, યહવ શકિત તું, ઈસુ પિતા પ્રભુ તું.

રુદ્ર વિષ્ણુ તું, રામકૃષ્ણ તું, રહીમતાઓ તું.

વાસુદેવ ગૌ વિશ્વરુપ તું, ચિદાનંદ હરિ તું.

અદ્રિતીય તું, અકાલ નિર્ભય આત્માલિંગ શિવ તું.

ઓમ તત સત શ્રી નારાયણ તુ પુરૂષોતમ ગુરૂ તું.

## 27. સૌનું કરો કલ્યાણ, દયાળુ પ્રભુ..

સૌનું કરો કલ્યાણ, દયાળુ પ્રભુ

સૌનું કરો કલ્યાણ, દયાળુ પ્રભુ !

સૌનું કરો કલ્યાણ.

નરનારી પશુપંખીની સાથે,

જીવજંતુનું તમામ ... દયાળુ પ્રભુ

જગના વાસીઓ સૌ સુખ ભોગવે,

આનંદ આઠે જામ ... દયાળુ પ્રભુ

દુનિયામાં દર્દ-દુકાળ પડે નહિ,

લડે નહિ કોઇ ગામ ... દયાળુ પ્રભુ

સર્વ જગે સુખાકારી વધે ને,

વળી વધે ધનધાન્ય ... દયાળુ પ્રભુ

કોઇ કોઇનું બૂરું ન ઇચ્છે,

સૌનું ઇચ્છે સૌ સમાન ... દયાળુ પ્રભુ

પોતપોતાના ધર્મ પ્રમાણે,

સર્વ ભજે ભગવાન ... દયાળુ પ્રભુ

# 28. હું કરું વિનંતી...

હું કરું વિનંતી મા આપને, કે સુધારજો મારી મતિ, માઁ સરસ્વતી,

મા ભગવતી.. (૨ વાર)

વામ અંગે વિણા ધારતી, કર પુસ્તક માળા શોભતી,

શોહે સવારીણી હંસિણી, શ્રુતજ્ઞાનની છો અધિપતિ,

માઁ સરસ્વતી મા ભગવતી.. (૨ વાર)

દેવ વૃંદ તમોને સદા નમે, તવ નામ મન રમણે રમે,

કરૂણામયી ભવતારિણી, મુજ મન તિમિર ને તારતી,

માઁ સરસ્વતી મા ભગવતી.. (૨ વાર)

ઘટઘટ તમારો મા વાસ છે, તુમ દૃષ્ટિથી અજવાસ છે,

સેવે મલય ચરણો સદાં, અજ્ઞાનતા ને નિવારતિ,

માઁ સરસ્વતી મા ભગવતી.. (૨ વાર)

હું કરૂં વિનંતિ મા આપને, કે સુધારજો મારી મતિ,

માઁ સરસ્વતિ મા ભગવતી.. (૩ વાર)

# 29. શંભુ ચરણે પડી

શંભુ ચરણે પડી, માગું ઘડી રે ઘડી કષ્ટ કાપો,

દયા કરી દર્શન શિવ આપો ..

તમે ભક્તોના દુઃખ હરનારા, શુભ સૌનું સદા કરનારા,

મારી મંદ મતિ, તારી અકળ ગતિ, કષ્ટ કાપો ... દયા કરી

અંગે ભસ્મ સ્મશાનની ચોળી, સંગે રાખો સદા ભૂત ટોળી,

ભાલે તિલક કર્યું, કંઠે વિષ ધર્યું, અમૃત આપો ... દયા કરી

નેતિ નેતિ જ્યાં વેદ કહે છે, મારું ચિતડું ત્યાં જવા ચહે છે,

સારા જગમાં છે તું, વસું તારામાં હું, શક્તિ આપો ... દયા કરી

હું તો એકલપંથ પ્રવાસી, છતાં આતમ કેમ ઉદાસી,

થાક્યો મથી રે મથી, કારણ મળતું નથી, સમજણ આપો ... દયા કરી

આપો દ્રષ્ટિમાં તેજ અનોખું, સારી સૃષ્ટિમાં શિવરુપ દેખું,

આવી દિલમાં વસો, આવી હૈયે હસો, શાંતિ સ્થાપો ... દયા કરી

ભોળાશંકર ભવદુઃખ કાપો, નિત્ય સેવાનું શુભ ધન આપો,

ટાળો મન મદા, ગાળો સર્વ સદા, ભક્તિ આપો ... દયા કરી

## 30. પ્રાણીમાત્રને રક્ષણ આપ્યું,માન્યા સમ સહુને

પ્રાણીમાત્રને રક્ષણ આપ્યું,માન્યા સમ સહુને,

પૂણ અહિંસા આચરનારા નમન,તપસ્વી મહાવીરને,

જનસેવાના પાઠ શીખવ્યા,મધ્યમ માગ બતાવીને

સંન્યાસીનો ધમ ઉજાળ્યો,વંદન કરીએ બુદ્ધ તને,

એક પત્નીવ્રત પૂરણ પાળયું ટેક વણીને જીવતરમાં

ન્યાય નીતિરૂપ રામ રહેજો,સદા અમારા અંતરમાં,

સઘળાં કાયો કયા છતાંયે, રહયાં હંમેશા નિલેષી,

એવા યોગી કૃષ્ણ પ્રભુમાં,રહેજો અમ મનડાં ખૂંચી,

પ્રેમરૂપ પ્રભુ પુત્ર ઈશુ જે ક્ષમા સિંધુને વંદન હો,

રહમ નેકીનાં પરમ પ્રચારક હઝરત મહંમદ દિલે રહો.

જરથોસ્તીનાં ધમ ગુરુની પવિત્રતા દિલમાં વ્યાપો,

સર્વધર્મ સંસ્થાપક સ્મરણે વિશ્વશાંતિમાં ખપ લાવો.

## 31. सुबह सवेरे लेकर तेरा नाम प्रभु...

सुबह सवेरे लेकर तेरा नाम प्रभु,
करते हैं हम शुरु आज का काम प्रभु ।
सुबह सवेरे लेकर तेरा नाम प्रभु,
करते हैं हम शुरु आज का काम प्रभु ।
शुद्ध भाव से तेरा ध्यान लगाएं हम,
विद्या का वरदान तुम्हीं से पाए हम ।
शुद्ध भाव से तेरा ध्यान लगाएं हम,
विद्या का वरदान तुम्हीं से पाए हम ।
हाँ, विद्या का वरदान तुम्हीं से पाए हम ।
तुम्ही से है आगाज़ तुम्हीं से अंजाम प्रभु,
करते है हम शुरु आज का काम प्रभु ।
सुबह सवेरे लेकर तेरा नाम प्रभु,
करते हैं हम शुरु आज का काम प्रभु ।
गुरुओं का सत्कार कभी न भूले हम,
इतना बनें महान गगन को छु ले हम ।
गुरुओं का सत्कार कभी न भूले हम,
इतना बनें महान गगन को छु ले हम ।
हाँ, इतना बनें महान गगन को छु ले हम ।
तुम्हीं से है हर सुबह तुम्ही से शाम प्रभु,
करते है हम शुरु आज का काम प्रभु ।
सुबह सवेरे लेकर तेरा नाम प्रभु,
करते हैं हम शुरु आज का काम प्रभु ।
सुबह सवेरे लेकर तेरा नाम प्रभु,
करते हैं हम शुरु आज का काम प्रभु
करते हैं हम शुरु आज का काम प्रभु
करते हैं हम शुरु आज का काम प्रभु ।

## 32. तेरी है ज़मीन तेरा आसमान

तू बड़ा मेहरबान तू बक्शीस कर

तेरी है ज़मीन तेरा आसमान

तू बड़ा मेहरबान तू बक्शीस कर

सभी का है तू, सभी तेरे

ख़ुदा मेरे तू बक्शीस कर

तेरी है ज़मीन तेरा आसमान

तू बड़ा मेहरबान तू बक्शीस कर

सभी का है तू, सभी तेरे

ख़ुदा मेरे तू बक्शीस कर

तेरी है ज़मीन तेरा आसमान

तू बड़ा मेहरबान तू बक्शीस कर

सभी का है तू, सभी तेरे

ख़ुदा मेरे तू बक्शीस कर

# 33. Whisper a prayer...

Invocation Whisper a prayer in the morning,

whisper a prayer at noon,

Whisper a prayer in the evening,

to keep your heart in tune.

Say thanks to the Lord in the morning,

thanks to the Lord at noon,

Say thanks to the Lord in the evening,

to keep your heart in tune.

God answers prayer in the morning,

God answers prayer at noon,

God answers prayer in the evening,

so keep your heart in tune.

## 34. God's Love Is So Wonderful...

God's Love Is So Wonderful,

God's Wonderful Love

Its So High You Cant Climb Over It

Its So Low You Cant Get Under It

Its So Wide You Cant Get Around It,

God's Wonderful Love

# 2. મંગળવારે ગવાતી પ્રાર્થનાઓ...

## 35. જીવું છું રસીલા......

જીવું છું રસીલા, તારા મુખડાને જોતી રે,

હૈડાના હાર પ્યારા, નથડીનાં મોતી રે... જીવું

મુખડું જોઈને તારું, મોહ્યું મન મારું રે,

પીયર સાસરિયું સર્વે, થયું મને ખારું રે... જીવું

અધર અમૃત પાને, થઈ હું તો ઘેલી રે,

નિઃશંક થઈ છું લજ્જા, લોક કેરી મેલી રે... જીવું

નટવર નિરખી તુંને, અંતર ઠરે છે રે,

દુરિજન લોક ઘોળ્યાં, દાઝીને મરે છે રે... જીવું

મન કર્મ વચને હું, થઈ રહી તારી રે,

મુખડાં ઉપર જાયે, બ્રહ્માનંદ વારી રે... જીવું

# 36. તુમ્હી હો માતા પિતા તુમ્હી હો.....

તુમ્હી હો માતા પિતા  તુમ્હી હો

તુમ્હી હો બંધુ સખા તુમ્હી હો

તુમ્હી હો સાથી તુમ્હી સહારે

કોઇ ન અપના સિવા તુમ્હારે

તુમ્હી હો બંધુ સખા તુમ્હી હો...

તુમ્હી હો નૈયા તુમ્હી ખેવૈયા

તુમ્હી હો બંધુ સખા તુમ્હી હો

જો ખીલ શકે ના વો ફુલ હમ હે

તુમ્હારે ચરણોકી ધુલ હમ હૈ

દયાકી દ્રષ્ટિ સદા હી રખના

તુમ્હી હો બંધુ સખા તુમ્હી હો...

તુમ્હી હો માતા પિતા તુમ્હી હો...

## 37. દરિયાને તીર એક રેતીની ઓટલી...

દરિયાને તીર એક રેતીની ઓટલી

ઊચીં અટૂલી અમે બાંધી જી રે.

પગલું તે એક એક પાડે મહેમાન એમ

રામજીની આણ અમે દીધી જી રે. '

પહેલા મહેમાન તમે આવો, સૂરજદેવ,

પગલું સોનેરી એક પાડજો જી રે.

પગલામાં નવલખ તારાની ભાત ને

સંધ્યાના રંગ બે'ક માંડજો જી રે.

બીજા મહેમાન તમે આવો, પવનદેવ,

પગલું પનોતું એક પાડજો જી રે.

પગલામાં વાત લખો પરીઓના દેશની

ફૂલડાંની ફોરમ પૂરજો જી રે.

ત્રીજા મહેમાન તમે આવો, સમદરદેવ,

પગલું મોતીનું એક પાડજો જી રે.

પગલામાં મહેલ ચણી સાતે પાતાળના,

માણેકના દીવા પ્રગટાવજો જી રે.

ધીરે મહેમાન જરા ધીરેથી આવજો,

પગલાં તે પાડજો જાળવી જી ને,

જોજો વિલાય ના એ પગલાંની પાંદડી,

બાળુડે ઓટલી બનાવી જી રે.

## 38. ભૂલો ભલે બીજું બધું, માબાપને ભૂલશો નહી

ભૂલો ભલે બીજું બધું, માબાપને ભૂલશો નહી

અગણિત છે ઉપકાર એના, એહ વિસરશો નહી

અસહ્ય વેઠી વેદના, ત્યારે દીઠું તમ મુખડું

એ પુનિત જનના કાળજાં, પથ્થર બની છૂંદશો નહી

કાઢી મુખેથી કાળિયા, મોંમા દઈ મોટા કર્યા

અમૃત તણા દેનાર સામે, ઝેર ઉછાળશો નહી

લાખો લડાવ્યા લાડ તમને, કોડ સહુ પુરા કર્યા

એ કોડના પૂરનારના, કોડ પૂરવા ભૂલશો નહી

લાખો કમાતા હો ભલે, માબાપ જેથી ના ઠર્યા

એ લાખ નહિ પણ રાખ છે, એ માનવું ભૂલશો નહી

સંતાનથી સેવા ચહો, સંતાન છો સેવા કરો

જેવું કરો તેવું ભરો, એ ભાવના ભૂલશો નહી

ભીને સૂઈ પોતે અને સૂકે સૂવાડ્યા આપને

એની અમીમય આંખને, ભૂલીને ભીંજવશો નહી

પુષ્પો બિછાવ્યાં પ્રેમથી, જેણે તમારા રાહ પર

એ રાહબરના રાહ પર, કંટક કદી બનશો નહી

ધન ખરચતાં મળશે બધું, માતાપિતા મળશે નહી

એનાં પુનિત ચરણો તણી, કદી ચાહના ભૂલશો નહી.

# 39. વંદે દેવી શારદા...

વંદે દેવી શારદા..... વંદે દેવી શારદા...........

ઉર વીણા હું બજાવું....... બજાવું (૨) વંદે દેવી શારદા

મંગલ ઉત્સવ આજ અનેરો (૨)

મોતિ થકી હું વધાવું......વધાવું (૨) વંદે દેવી શારદા

ચંદ્રિકાના ધવલ પ્રકાશે..........(૨)

આરતી હું ઉતરાવું........ ઉતરાવું..........(૨) વંદે દેવી શારદા

ચિર મનોહર પટકુળ પહેરી...............(૨)

મયુર વિહાણીની આવો આવો.............. વંદે દેવી શારદા

યુગ યુગના અંધાળા ટાળો..............(૨)

મન મંદિર સજાવું સજાવું............ (૨)

વંદે દેવી શારદા (૨)

## 40. हम होंगे कामयाब...

हम होंगे कामयाब, हम होंगे कामयाब,

हम होंगे कामयाब, एक दिन

मन में है विश्वास, पूरा है विश्वास

हम होंगे कामयाब एक दिन...

होगी शांति चारों ओर, होगी शांति चारों ओर

होगी शांति चारों ओर, एक दिन

मन में है विश्वास, पूरा है विश्वास

होगी शांति चारों ओर एक दिन...

हम चलेंगे साथ-साथ

डाल हाथों में हाथ

हम चलेंगे साथ-साथ, एक दिन

मन में है विश्वास, पूरा है विश्वास

हम चलेंगे साथ-साथ एक दिन...

नहीं डर किसी का आज

नहीं डर किसी का आज, एक दिन

मन में है विश्वास, पूरा है विश्वास

नहीं डर किसी का आज एक दिन...

# 41. હે મા શારદા

હે મા શારદા ! હે મા શારદા !

તારી પૂજાનું ફૂલ થવા શક્તિ દે,

તારા મયુરનો કંઠ થવા સૂર દે ....હે મા શારદા

તુજ મંદિરની જ્ઞાન જ્યોતિથી જીવનપંથનું તિમીર ટળે,

હે દેવી, વરદાન જ્ઞાન દે, લેખિનીના લેખ ટળે,

શુભદા, શક્તિ દે, હે મા શારદા ! ...હે મા શારદા

સૂર શબ્દનો પૂર્યો સાથિયો, રંગ ભરી દો મા એમાં,

રગ રગમાં મધુ રવ પ્રગટાવી, પ્રાણ પૂરી દો ગીત-લયમાં

જ્ઞાનદા, ભક્તિ દે, હે મા શારદા ! ... હે મા શારદા

# 42. પરમેશ્વર કેવા હશે....

મને કહોને પરમેશ્વર કેવા હશે?

ક્યાં રહેતા હશે, શું કરતા હશે?

ગગનની ઓઢણીમાં ચાંદા સૂરજને,

તારાને ગૂંથનારા કેવા હશે? ...મને કહોને

આંબાની ઊંચી ડાળે ચડીને,

મોરોને મૂકનાર કેવા હશે? ...મને કહોને

મીઠા એ મોરોના સ્વાદ ચખાડી,

કોયલ બોલાવનાર કેવા હશે? ...મને કહોને

ઊંડા એ સાગરનાં મોજાં ઉછાળી,

ઘૂ ઘૂ ગજાવનાર કેવા હશે? ...મને કહોને

મનેય મારી માડીને ખોળે,

હોંસે હુલાવનાર કેવા હશે? ...મને કહોને

# 43. મેરે અચ્છે ભગવાન...

મેરે અચ્છે ભગવાન, દે દે ઐસા વરદાન ........... (૨)

સૂષ્ટિકે ઈસ તેરે બાગમેં પુષ્પોંકી હમ શાન, જીવનભર સૌરભ ફૈલાકર ગાયે તવ ગુણગાન મેરે અચ્છે ભગવાન...... (૨)

માતા-પિતા ઔર સંતગુરુ કો પૂજે દેવ સમાન, વિશ્વબંધુતા માનવસેવા સબ સે હો મુસ્કાન.........

મેરે અચ્છે ભગવાન............... (૨)

બોલે મુંહ શુભ દેખે નૈન શુભ ઔર સુને શુભકાન, પૈર હમારે ઠહરે મંદિર સંત સમાગમ સ્થાન...

મેરે અચ્છે ભગવાન................. (૨)

દિગ દિગંત હૈ મહિમા તેરી મુખરીત હિન્દુસ્તાન.. અક્સર હમકો લે લે ગોદમેં હમ તેરી સંતાન મેરે અચ્છે ભગવાન............. (૨)

# 44. GOD IS SO GOOD...

GOD IS SO GOOD,

GOD IS SO GOOD,

GOD IS SO GOOD,

YES HE IS GOOD TO ME,

GOD IS SO KIND,

GOD IS SO KIND,

GOD IS SO KIND,

YES HE IS KIND TO ME,

GOD CARES FOR ME

GOD CARES FOR ME

GOD CARES FOR ME

YES HE IS CARES FOR ME

## 45. All things bright n beautiful...

All things bright and beautiful
All creatures great and small
All things wise and wonderful
'Twas God that made them all
Each little flower that opens
Each little bird that sings
He made their glowing colors
And made their tiny wings
All things bright and beautiful
All creatures great and small
All things wise and wonderful
'Twas God that made them all
The purple headed mountains
The rivers running by
The sunset and the morning
That brightens up the sky
All things bright and beautiful
All creatures great and small
All things wise and wonderful
'Twas God that made them all
The cold wind in the winter
The pleasant summer sun
The ripe fruits in the garden
He made them every one
All things bright and beautiful
All creatures great and small
All things wise and wonderful
'Twas God that made them all
He gave us eyes to see them
And lips that we might tell
How great is the Almighty
Who has made all things well
All things bright and beautiful
All creatures great and small
All things wise and wonderful
'Twas God that made them all

## 46. May God be in my heart...

May God be in your mind

May God be in your heart

May God be always looking over your shoulders

May God be in my mind

May God be in my heart

May God be always looking over my shoulders

God is in my mind,

in my thoughts all the time

God in my words,

God is my life

May God be in your mind

May God be in your heart

May God be always looking over your shoulders

May God be in my mind

May God be in my heart

May God be always looking over my shoulders

God is in my heart,

in the love that I share

God in all I do,

God is my prayer

May God be in your mind

May God be in your heart

May God be always looking over your shoulders

May God be in my mind

May God be in my heart

May God be always looking over my shoulder

## 47. Like the sunflower...

Like a sunflower that follows Every moment of the sun,

So I turn towards You, to follow You my God.

In simplicity, charity I follow (2)

Like a sunflower that follows Every moment of the sun,

So I turn towards You, to follow You my God.

In simplicity, honesty I follow (2)

Like a sunflower that follows Every moment of the sun,

So I turn towards You, to follow You my God.

In simplicity, fidelity I follow (2)

Like a sunflower that follows Every moment of the sun,

So I turn towards You, to follow You my God.

# 48. WE SHALL OVERCOME...

We shall overcome, we shall overcome,
we shall overcome, some day.
Oh, deep in my heart, I do believe,
we shall overcome, some day.
We'll walk hand in hand, we'll walk hand in hand,
we'll walk hand in hand, some day.
Oh, deep in my heart, I do believe,
we shall overcome, some day.
We shall live in peace, we shall live in peace,
we shall live in peace, some day.
Oh, deep in my heart, I do believe,
we shall overcome, some day.
We shall all be free, we shall all be free,
we shall all be free, some day.
Oh, deep in my heart, I do believe,
we shall overcome, some day.
We are not afraid, we are not afraid,
we are not afraid, TODAY
Oh, deep in my heart, I do believe,
we shall overcome, some day.
We shall overcome, we shall overcome,
we shall overcome, some day.
Oh, deep in my heart, I do believe,
we shall overcome, some day.

# 3. બુધવારે ગવાતી પ્રાર્થનાઓ...

## 49. ભૂલો ભલે બીજું બધું...

ભૂલો ભલે બીજું બધું, માબાપને ભૂલશો નહી

અગણિત છે ઉપકાર એના, એહ વિસરશો નહી

અસહ્ય વેઠી વેદના, ત્યારે દીઠું તમ મુખડું

એ પુનિત જનના કાળજાં, પથ્થર બની છૂંદશો નહી

કાઢી મુખેથી કાળિયા, મોંમા દઈ મોટા કર્યા

અમૃત તણા દેનાર સામે, ઝેર ઉછાળશો નહી

લાખો લડાવ્યા લાડ તમને, કોડ સહુ પુરા કર્યા

એ કોડના પૂરનારના, કોડ પૂરવા ભૂલશો નહી

લાખો કમાતા હો ભલે, માબાપ જેથી ના ઠર્યા

એ લાખ નહિ પણ રાખ છે, એ માનવું ભૂલશો નહી

સંતાનથી સેવા ચહો, સંતાન છો સેવા કરો

જેવું કરો તેવું ભરો, એ ભાવના ભૂલશો નહી

ભીને સૂઈ પોતે અને સૂકે સૂવાડ્યા આપને

એની અમીમય આંખને, ભૂલીને ભીંજવશો નહી

પુષ્પો બિછાવ્યાં પ્રેમથી, જેણે તમારા રાહ પર

એ રાહબરના રાહ પર, કંટક કદી બનશો નહી

ધન ખરચતાં મળશે બધું, માતાપિતા મળશે નહી

એનાં પુનિત ચરણો તણી, કદી ચાહના ભૂલશો નહી.

# 50. દિલમાં દીવો કરો

દિલમાં દીવો કરો રે દીવો કરો,

કૂડા કામ ક્રોધને પરહરો રે ... દિલમાં દીવો કરો

દયા દીવેલ પ્રેમ પરણાયું લાવો.

માંહી સુરતાની દીવેટ બનાવો;

મહીં બ્રહ્મઅગ્નિ પ્રગટાવો રે ... દિલમાં દીવો કરો

સાચા દિલનો દીવો જ્યારે થાશે,

ત્યારે અંધારુ મટી જશે:

પછી બ્રહ્મલોક તો ઓળખાશે રે... દિલમાં દીવો કરો

દીવો અણભે પ્રગટે એવો,

ટાળે તિમિરના જેવો:

એને નેણે તો નીરખીને લેવો રે ... દિલમાં દીવો કરો

દાસ રણછોડે ઘર સંભાળ્યું.

જડી કૂંચી ને ઊઘડ્યું તાળું;

થયું ભોમંડળમાં અજવાળું રે ... દિલમાં દીવો કરો

## 51. કરજો કરજો નૈયા પાર.....

કરજો કરજો નૈયા પાર કનૈયા તારો છે આધાર,

નાગર નંદાજીના લાલ કનૈયા તારો છે આધાર,

મારી ડગમગ ડોલે નૈયા,તેને પાર કરોને કનૈયા,

પડીયા પડિયા છીદ્રો પાંચ ....કનૈયા.

એક જ છીદ્રે નૈયા ડૂબે,પડતી મહા જળમાં જઇ ઊંડે.

તું છે ભવજલ તારણ હાર...... કનૈયા.

પ્રભુ તમે શુકાન હાથે ધરજો,મારી નૈયા નિર્ભય કરજો,

તું છે આશાનો એક તાર....... કનૈયા.

મનની મુંઝવણ કોને કહીએ, ડગલે પગલે નામ જ લઇએ.

નામે ઉતરીએ ભવપાર......કનૈયા.

પ્રભુદાસ રડતા રડતા કહે છે,વ્હાલા તારે ભરોસે રહું છું

ચઢજો ચઢજો મારી વ્હારે ..... કનૈયા.

## 52. અમે નાના નાના બાળ સૌ ભગવાનના...

અમે નાના નાના બાળ સૌ ભગવાનના,

હસતાં રમતા ગીત ગાતા તાનમાં,

અમે નાના નાના બાળ સૌ ભગવાનના.

રોજ સવારે વહેલા ઊઠી,

માટ-પિતાને નમન કરીને,

ગુરુ ચરણોમાં આવતા,અમે નાના નાના બાળ સૌ ભગવાનના.

સરસ્વતીનું મંદિર આ છે,

ફૂલડાં રૂડા ખૂબ ખીલ્યા છે,

ફૂલડાં સુંદર બાગના, અમે નાના નાના બાળ સૌ ભગવાનના.

વિદ્યાદેવી તારી પાસે,

આવ્યા અમે એક જ આશે,

વિદ્યા દેજે દાનમાં, અમે નાના નાના બાળ સૌ ભગવાનના.

હસતાં રમતા ગીત ગાતા તાનમાં,

અમે નાના નાના બાળ સૌ ભગવાનના.

## 53. આપને તારા અન્તરનો એક તાર......

આપને તારા અન્તરનો એક તાર

બીજું હું કાંઈ ન માગું

સુણજે આટલો આર્ત તણો પોકાર

બીજું હું કાંઈ ન માગું .

તૂંબડું મારું પડ્યું નકામું

કોઇ જુએ નહીં એના સામું;

બાંધીશ તારા અંતરનો ત્યાં તાર

પછી મારી ધૂન જગાવું.

સુણજે આટલો આર્ત તણો પોકાર

બીજું હું કાંઈ ન માગું .

એકતારો મારો ગુંજશે મીઠું

દેખાશે વિશ્વ રહ્યું જે અદીઠું;

ગીતની રેલશે એક અખંડિત ધાર,

એમાં થઈ મસ્ત હું રાચું.

આપને તારા અન્તરનો એક તાર

બીજું હું કાંઈ ન માગું

## 54. ગમે તે સ્વરૂપે....

ગમે તે સ્વરૂપે,ગમે ત્યાં બિરાજો,પ્રભુ મારા વંદન.(૨)

ભલે ના નિહાળું, નજરથી તમોને

મળે ગુણ તમારા,સફળ મારું જીવન.. ગમે તે સ્વરૂપે

જનમ જો અસંખ્ય,મળ્યા તે ગુમાવ્યા,

ધરમના કર્યા કે ના તમોને સંભાર્યા. ગમે તે સ્વરૂપે

હવે આ જનમમાં,કરું હું વિનંતી,

સ્વિકારો તમે તો, તૂટે મારા બંધન. ગમે તે સ્વરૂપે

મને હોશ એવી, ઉજાળો જગતને,

કિરણના મળે,મારા મનના દિપકને. ગમે તે સ્વરૂપે

તમે તેજ આપો, જલે એવી જયોતિ

અમર પંથના સૌને, કરાવજો દર્શન. ગમે તે સ્વરૂપે

## 55. દયા કર દાન વિદ્યાકા.....

દયા કર દાન વિદ્યાકા હમે પરમાત્મા દેના,

દયા કરના હમારી આત્માસે શુદ્ધતાં દેના. દયા કર

હમારે ધ્યાનમેં આવો પ્રભુ ! આકોમેં બસ જાઓ,

અંધેરે દિલમેં આ કરકે,પરમ જ્યોતિ જગા દેના. દયા કર

બહા દો પ્રેમકી ગંગા,દિલોમેં પ્રેમકા સાગર,

હમે આપસમેં મિલ-ઝૂલકે પ્રભુ ! રહના શીખાદેના. દયા કર

હમારા કર્મ હો સેવા,હમારા ધર્મ હો સેવા,

સદા ઈમાન હો સેવા,યહી તૂ ભાવના દેના. દયા કર

વતન કે વાસ્તે જીના ,વતનકે વાસ્તે મરના,

વતન પર જાન ફિદા કરના, પ્રભુ ! હમકો શીખા દેના. દયા કર

## 56. જીવન જ્યોત જગાવો......

જીવનજ્યોત જગાવો પ્રભુ હે જીવનજ્યોત જગાવો.

ટચૂકડી આ આંગળીઓમાં ઝાઝું જોર જમાવો,

આ નાનકડા પગને વેગે ભમતા જગત બનાવો

અમને રડવડતાં શીખવાડો ... પ્રભુ હે

વણદીવે અંધારે જોવા આંખે તેજ ભરાવો,

વણ જહાજે દરિયાને તરવા બળ બાહુમાં આપો,

અમને ઝળહળતાં શીખવાડો ... પ્રભુ હે

ઊડતાં અમ મનનાં ફૂલડાંને રસથી સભર બનાવો,

જીવનનાં રંગો ત્યાં ભરવા પીંછી તમારી ચલાવો,

અમને મઘમઘતાં શીખવાડો ... પ્રભુ હે

ઉરની સાંકલડી શેરીના પંથ વિશાળ રચાવો,

હૈયાના ઝરણાં નાનાને સાગર જેવું બનાવો,

અમને ગરજંતા શીખવાડો ... પ્રભુ હે

અમ જીવનની વાદળી નાની આભ વિશે જ ઉડાવો,

સ્નેહશક્તિ બલિદાન-નીરથી ભરચક ધાર ઝરાવો,

અમને સ્થળ સ્થળમાં વરસાવો ... પ્રભુ હે

## 57. ગુજારે જે શિરે તારે...

ગુજારે જે શિરે તારે, જગતનો નાથ તે સહેજે.
ગણ્યું જે પ્યારું પ્યારાએ,અતિ પ્યારું ગણી લેજે!
દુનિયાની જૂઠી વાણી, વિષે જો દુઃખ વાસે તો,
જરાયે અંતરે આનંદ ના ઓછો થવા દેજે!
કચેરી માંહીં કાજીનો ,નથી હિસાબ કોડીનો.
જગત કાજી બનીને તું વહોરી ના પીડા લેજે!
જગતના કાચના યંત્રે ,ખરી વસ્તુ નહીં ભાસે.
નસારા કે નઠારાની જરાયે સંગતે રહેજે!
રહેજે શાંતિ સંતોષે ,સદાયે નિર્મળે ચિત્તે.
દિલે જે દુઃખ કે આનંદ કોઇને નહીં કહેજે!
વસે છે ક્રોધ વૈરી ચિત્તમાં, તેને ત્યજી દેજે
ઘડી જાયે ભલાઈની મહાલક્ષ્મી ગણી લેજે!
રહે ઉન્મત્ત આનંદે ,ખરું એ સુખ માની લે.
પીએ તો શ્રી પ્રભુના પ્રેમનો  પ્યાલો ભરી પીજે!
કટુ વાણી સુણે જો કોઇની ,વાણી મીઠી કહેજે
પરાઇ મૂર્ખતા કાજે મુખે ના ઝેર તું લેજે!
અરે ! પ્રારબ્ધ તો ઘેલું ,રહે છે દૂર માંગે તો
ન માગ્યે દોડતું આવે ન વિશ્વાસે કદી રહેજે!
રહી નિર્મોહી શાંતિથી ,રહે એ સુખ મોટું છે
જગત બાજીગરીનાં તું બધાં છલબલ જવા દેજે !
પ્રભુના નામનાં પુષ્પો ,પરોવી કાવ્યમાળા તું.
પ્રભુની પ્યારી ગ્રીવામાં પહેરાવી પ્રીતે દેજે !
કવિ રાજા થયો શી છે ,પછી પીડા તને કાંઇ?
નિજાનંદે હંમેશાં ‘બાલ‘ મસ્તીમાં મઝા લેજે !

## 58. ના દો તો પ્રભુ...

ના દો તો પ્રભુ ! ભલે ના દેશો દર્શન તમારા,

આવે આ જન્મે મારા.

મિલન હજુ નથી થયું તમારું એના ભણકારા,

રહેજો અંતરમાં મારા.

આ સંસારી ગુજરીમાં મુજ ઝાઝા કે થોડા,

ગુજરજો જીવનના દહાડા.

ધનના ઢગલા વડે ભરજો હાથ ભલે મારા,

લાધજો સુખ અપરંપારા.

ખરી કમાણી કશી ન થઇ હજી એના ભણકારા,

રહેજો અંતરમાં મારા.

વાટ વચ્ચે ભરાયા અંગો આળસથી અમારા,

વધે નહી આગળ પગ મારા.

ભોંય પર હું ભલે પડી રહું ગાત્રો આ મારા,

પસારીને હિમત હારા.

આખી વાટ હજી રહીશે બાકી એના ભણકારા,

રહેજો અંતરમાં મારા.

તમે હજી ઘેર નથી પધાર્યા એના  ભણકારા,

રહેજો અંતરમાં મારા

## 59. હળી મળી બેઘડી..

હળી મળી બેઘડી લઇએ પ્રભુજી તારૂ નામ

નિત્ય સવારે નવ પ્રભાતે ધરીએ તારું ધ્યાન

નથા કોઇ તારા જેવો જ્ઞાની

નથા કોઇ તારા જેવો દાની

પળ પળ ગુંજે તારી વાણી

પળ પળ લાવે તારી વાણી

અમને તું દઇ દેને , વિદ્યા કેરું દાન (૨)

કોણે તારી દુનિયા જાણી

કોણે તારી દુનિયા માણી

કોણે તારી માયાને સમજી

કોણે તારી દુનિયા પીછાંણી

અમને તું દઇ દેને , વિદ્યા કેરું દાન (૨)

મન મંદિરીયે પધારો

ભવ સાગરથી ઊતારો

નિત્ય નિત્ય જાણે નવી આશા

જનજન બોલે મીઠી ભાષા

અમને તું દઇ દેને , વિદ્યા કેરું દાન (૨)

# 60. હમકો મનકી શક્તિ દેના

હમકો મનકી શક્તિ દેના, મન વિજય કરે,

દૂસરો કી જય સે પહલે, ખૂદ કો જય કરે.

ભેદભાવ અપને દિલસે સાફ કર સકે,

દોસ્તો સે ભૂલ હોં તો માફ કર સકે.

ઝુઠ સે બચે રહે, સચ કદમ ભરે,

દૂસરો કી જય સે પહલે, ખૂદ કો જય કરે.

મુશ્કીલે પડે તો હમ પે ઈતના કર્મ કર,

સાથ દે તો ધર્મ કા, ચલે તો ધર્મ પર.

ખુદ પે હોંસલા રહે, બદી સે ના ડરે,

દૂસરો કી જય સે પહલે, ખૂદ કો જય કરે.

હમકો મનકી શક્તિ દેના, મન વિજય કરે,

દૂસરો કી જય સે પહલે, ખૂદ કો જય કરે.

## 61. ओ पालनहारे.....

ओ पालनहारे, निर्गुण और न्यारे, ओ पालनहारे, निर्गुण और न्यारे
तुमरे बिन हमरा कौनो नाहीं, हमरी उलझन, सुलझाओ भगवन
तुमरे बिन हमरा कौनो नाहीं
तुम्हीं हमका हो संभाले,तुम्हीं हमरे रखवाले
तुमरे बिन हमरा कौनो नाहीं,तुमरे बिन हमरा कौनो नाहीं(२)
चन्दा में तुम्हीं तो भरे हो चांदनी, सूरज में उजाला तुम्हीं से
ये गगन है मगन, तुम्हीं तो दिए हो इसे तारे
भगवन ये जीवन ,तुम्हीं ना संवारोगे
तो क्या कोई सँवारे
ओ पालनहारे, निर्गुण और न्यारे
तुमरे बिन हमरा कौनो नाहीं(२)
जो सुनो तो कहें, प्रभुजी हमरी है बिनती
दुखी जन को, धीरज दो, हारे नहीं वो कभी दुखसे
तुम निर्बल को रक्षा दो, रह पाएं निर्बल सुख से
भक्ति को, शक्ति दो, भक्ति को, शक्ति दो
जग के जो स्वामी हो, इतनी तो अरज सुनो
हैं पथ में अंधियारे, दे दो वरदान में उजियारे
ओ पालनहारे, निर्गुण और न्यारे
तुमरे बिन हमरा कौनो नाहीं
हमरी उलझन, सुलझाओ भगवन
तुमरे बिन हमरा कौनो नाहीं
ओ पालनहारे, निर्गुण और न्यारे
तुमरे बिन हमरा कौनो नाहीं
हमरी उलझन, सुलझाओ भगवन
तुमरे बिन हमरा कौनो नाहीं
ओ पालनहारे, निर्गुण और न्यारे
तुमरे बिन हमरा कौनो नाहीं
हमरी उलझन, सुलझाओ भगवन
तुमरे बिन हमरा कौनो नाहीं
ओ पालनहारे...
ओ पालनहारे...

## 62. तेरा मंगल तेरा मंगल होय रे सबका मंगल....

तेरा मंगल तेरा मंगल तेरा मंगल होय रे सबका मंगल,

सबका मंगल, सबका मंगल होय रे

जिस गुरुदेव ने धरम दिया है उनका मंगल होय रे,

जिस जननी ने जनम दिया है, उसका मंगल होय रे

पाला-पोसा और बढ़ाया, उस पिता का मंगल होय रे

इस जगत के सब दुखियारे प्राणी का मंगल होय रे

जल में, थल में और गगन में सबका मंगल होय रे

अन्तरमन के गाँठें टूटे, अन्तर निर्मल होय रे

राग, द्वेष और मोह मिट जाये, शील समाधि होय रे

शुद्ध धर्म धरती पर जागे, पाप पराजित होय रे

इस धरती के तर तिन में, कण-कण में धर्म समोय रे

शुद्ध धर्म जन-जन में जागे, घर-घर शांति समोय रे

तेरा मंगल, मेरा मंगल, सबका मंगल होय रे

# 63. Thank You God...

Thank You God, for giving us the gift of this day,

another opportunity to give and receive your love.

Thank you for giving us food and shelter and good health.

Thank you for the sun that warms our bodies

and the air that fills our lungs.

Help us to be kind and understanding,

loving and caring,

Be with us today and every day.

## 64. Prayer for School and Play...

Dear God,

be with us throughout this week.

Be with us in all our schoolwork and in our play.

Help us to be friendly,

thoughtful and kind.

Be with us through each day.

## 65. Prayer of Thanksgiving...

Thank You God, for giving us the gift of this day,

Another opportunity to give and receive your love.

Thank you for giving us food and shelter,

and good health so that we can fully participate in life.

Thank you for the sun that warms our bodies

and the air that fills our lungs.

for friends, for toys, books, fun and everything

May we never forget the gifts you have given us

And help us to share them at home,

in school and everywhere.

# 4. ગુરુવારે ગવાતી પ્રાર્થનાઓ...

## 66. શ્રી રામચંદ્ર કૃપાલુ ભજ મન

શ્રી રામચંદ્ર કૃપાલુ ભજ મન, હરણ ભવ ભય દારુણમ્

નવ કંજ લોચન, કંજમુખ, કરકંજ પદકંજારુણમ્ ... ૦ટેક

કંદર્પ અગણિત અમિત છબિ, નવ નીલ નીરદ† સુંદરમ્

પટ પીત માનહું તડિત રુચિ શુચિ નૌમિ જનક સુતા વરમ્ ... ૧

ભજ દીનબંધુ દિનેશ દાનવ દૈત્યવંશ નિકન્દનમ્

રઘુનંદ આનંદકંદ કૌશલચંદ દશરથનંદનમ્ ... ૨

શિર મુકુટ કુંડલ તિલક ચારુ ઉદાર અંગ વિભૂષણમ્

આજાનુ ભુજ શર ચાપધર સંગ્રામ જિત ખર દૂષણમ્ ... ૩

ઇતિ વદતિ તુલસીદાસ શંકર શેષ મુનિમનરંજનમ્

મમ હૃદયકુંજ નિવાસ કુરુ કામાદિ ખલદલ ગંજનમ્ ... ૪

# 67. પ્રભુ અંતરયામી...

પ્રભુ આંતરયામી જીવન જીવના દીન શરણા,

પિતા,માતા બંધુ અનુપમ સખા હિત કરણા,

પ્રભુ કિર્તિ,ક્રાંતિ, ધન વૈભવ સર્વસ્થ જનના,

નમુ છું વંદુ છું વિમલ મુખ સ્વામી જગતના,

વસો બ્રહ્માંડોમાં અમ ઉર વિષે વાસ વસતા,

તુ આઘેમા આઘે, પણ સમીપમાં નિત્ય હસતો.

નમુ આત્મા ઢાળી,નમન લળતી દેહ નમજો.

નમુ કોટી વારે વળી પ્રભુ ! નમસ્કાર હજો,

અસત્યો માહેથી, પ્રભુ પરમ સત્યે તું લઇજા.

ઊંડા અંધારેથી પ્રભુ ! પરમ તેજ તું લઇજો

મહા મૃત્યુમાંથી,અમૃત સમીપ નાથ લઇજા,

તું હીણો હું છું તો, તુજ દરર્શનના દાન દઇજા,

# 68. ના દો તો પ્રભુ.....

ના દો તો પ્રભુ ! ભલે ના દેશો દર્શન તમારા,

આવે આ જન્મે મારા.

મિલન હજુ નથી થયું તમારું એના ભણકારા,

રહેજો અંતરમાં મારા.

આ સંસારી ગુજરીમાં મુજ ઝાઝા કે થોડા,

ગુજરજો જીવનના દહાડા.

ધનના ઢગલા વડે ભરજો હાથ ભલે મારા,

લાધજો સુખ અપરંપારા.

ખરી કમાણી કશી ન થઇ હજી એના ભણકારા,

રહેજો અંતરમાં મારા.

વાટ વચ્ચે ભરાયા અંગો આળસથી અમારા,

વધે નહી આગળ પગ મારા.

ભોંય પર હું ભલે પડી રહું ગાત્રો આ મારા,

પસારીને હિમત હારા.

આખી વાટ હજી રહીશે બાકી એના ભણકારા,

રહેજો અંતરમાં મારા.

તમે હજી ઘેર નથી પધાર્યા એના  ભણકારા,

રહેજો અંતરમાં મારા

## 69. સરસ્વતી માત હો મારી...

સરસ્વતી માત હો મારી,તમોને પાય લાગુ છું.

તમારો બાળ જાણીને,હ્રદયમાં વાસ માગું છું

સ્મરણ શકિત તમે આપી,અમારી લાજ રાખોને

બીજો એ કે નથી આરો,દયાળુ દુઃખ કાપોને.

સરસ્વતી માત હો મારી

તજી માતા-પિતા બંધુ,તમારે આશરે આવ્યો

સગા સ્નેહીને તરછોડી,તમારા ધામમાં આવ્યો

મળે જો તુજ કૃપા મોટી,બીજી બધી વાત છે ખોટી

વસે બ્રહ્માંડમાં વ્હાલા,મને તું જાણજે તારો. સરસ્વતી માત હો મારી

અમારી ભકિત દીલ ધરજો,દયાળું દુઃખડા હરજો

ભકતોની ભીડ સંહારજો, સરસ્વતી માત હો મારી

# 70. તમે મન મુકીને વરસ્યા...

તમે મન મુકીને વરસ્યા ,અમે જનમ જનમ ના તરસ્યા.

તમે મુશળધારે વરસ્યા, અમે જનમ જનમ ના તરસ્યા

હજાર હાથે  તમે દીધુ પણ,ઝોળી અમારી ખાલી.

જ્ઞાન ખજાનો તમે લૂતાયો,અમે રહ્યા અજ્ઞાની.

તમે અમૃત રૂપે વરસ્યા, અમે ઝેરના ઘૂંટડા પીધા.

સ્નેહની ગંગા તમે વહાવી,જીવન નિર્મળ કરવા.

પ્રેમની જયાતિ તમે જલાવી,અમે રહ્યા અજ્ઞાની.

## 71. મને કહોને પરમેશ્વર કેવા હશે ?

મને કહોને પરમેશ્વર કેવા હશે ?
મને કહોને પરમેશ્વર કેવા હશે ?
ક્યાં રહેતા હશે, શું કરતા હશે ?
ગગનની ઓઢણીમાં ચાંદા સૂરજને,
તારાને ગૂંથનારા કેવા હશે ? ... મને કહોને

આંબાની ઊંચી ડાળે ચડીને,
મોરોને મૂકનાર કેવા હશે ? ... મને કહોને

મીઠા એ મોરોના સ્વાદ ચખાડી,
કોયલ બોલાવનાર કેવા હશે ? ... મને કહોને

ઊંડા એ સાગરનાં મોજાં ઉછાળી,
ઘૂ ઘૂ ગજાવનાર કેવા હશે ? ... મને કહોને

મનેય મારી માડીને ખોળે,
હોંસે હુલાવનાર કેવા હશે ? ... મને કહોને

# 72. વંદે દેવી શારદા...

વંદે દેવી શારદા વંદે દેવી શારદા

ઉર વીણા હું બજાવું બજાવું.

વંદે દેવી ...

મંગલ ઉત્સવ આજ અનેરો

મોતી થકી હું વધાવું વધાવું.

વંદે દેવી ...

ચંદ્રિકાના ધવલ પ્રકાશે

આરતી હું ઉતરાવું ઉતરાવું.

વંદે દેવી ...

ચિર મનોહર પટકુળ પહેરી

મયુર વિહાણીની આવો આવો.

વંદે દેવી ...

યુગ યુગના અંધાળા ટાળો.

મન મંદિર સજાવું સજાવું.

વંદે દેવી ...

## 73. ઓ પ્રભુ મારું જીવન

ઓ પ્રભુ મારું જીવન

તારું દિવ્ય અર્ઘ્ય બની રહો.

રામ તું છે, રહીમ તું છે, કૃષ્ણ તું છે ઈસા મસીહ,

તું પરમ પરબ્રહ્મ તત્વ,

સાર સર્વ પુરાણ તું ... ઓ પ્રભુ.

રહેજે સદા વિચાર વાણી વર્તને અવ હર ઘડી

અંતરે પ્રતિબિંબ તારું,

દિવ્ય તેજે ઝળહળો ... ઓ પ્રભુ.

હે કૃપાના સિંધુ તેં કરુણા કરીને કૃમળ કર્યા

સર્વની રુચિ એ ભણી,

તેં એક રુચિએ કર્યા .. ઓ પ્રભુ

ઉરે સદા તવ સ્નેહભીની મંજરી મહેકી રહો,

પૂર્ણ પ્રાપ્તિની સભરતામાં

શેષ જીવન આ વહો ... ઓ પ્રભુ

## 74. જીવનજ્યોત જગાવો

જીવનજ્યોત જગાવો પ્રભુ & જીવનજ્યોત જગાવો.

ટચૂકડી આ આંગળીઓમાં ઝાઝું જોર જમાવો,

આ નાનકડા પગને વેગે ભમતા જગત બનાવો

અમને રડવડતાં શીખવાડો ... પ્રભુ હે

વણદીવે અંધારે જોવા આંખે તેજ ભરાવો,

વણ જહાજે દરિયાને તરવા બળ બાહુમાં આપો,

અમને ઝળહળતાં શીખવાડો ... પ્રભુ હે

ઊડતાં અમ મનનાં ફૂલડાંને રસથી સભર બનાવો,

જીવનનાં રંગો ત્યાં ભરવા પીંછી તમારી ચલાવો,

અમને મઘમઘતાં શીખવાડો ... પ્રભુ હે

ઉરની સાંકલડી શેરીના પંથ વિશાળ રચાવો,

હૈયાના ઝરણાં નાનાને સાગર જેવું બનાવો,

અમને ગરજંતા શીખવાડો ... પ્રભુ હે

અમ જીવનની વાદળી નાની આભ વિશે જ ઉડાવો,

સ્નેહશક્તિ બલિદાન-નીરથી ભરચક ધાર ઝરાવો,

અમને સ્થળ સ્થળમાં વરસાવો ... પ્રભુ હે

# 75. પ્રભો અંતરયામી

પ્રભો અંતરયામી જીવન જીવના દીન શરણા

પિતા,માતા,બંધુ અનુપમ સખા હિત કરણા.

પ્રભા,કીર્તિ, કાન્તિ ધન વિભવ સર્વસ્વ જનના

નમું છું વંદું છું વિમલમુખ સ્વામી જગતના

સહુ અદભુતોમાં તુજ સ્વરૂપ અદભુત નીરખું

મહાજ્યોતિ જેવું નયનશશીને સૂર્ય સરખું

દિશાની ગુફાઓ પૃથવી ઊંડુ આકાશ ભરતો

પ્રભો તે સૌથી યે પર પરમ તું દૂર ઉડતો

પ્રભો તું આદિ છે શુચિ પુરુષ પુરાણ તું જ છે

તું સૃષ્ટિ ધારે છે, સૃજન પ્રલયે નાથ તું જ છે

અમારા ધર્મોનો અહરનિશ ગોપાલ તું જ છે

અપાપી-પાપીનું શિવસદન કલ્યાણ તું જ છે

પિતા છે એકાકી,જડ સકલને ચેતન તણો

ગુરુ છે મોટો છે જનકુલ તણો પૂજ્ય તું ઘણો

ત્રણે લોકે દેવા નથી તુજ સમો અન્ય ન થશે

વિભુરાયા તુંથી અધિક પછી તો કોણ જ હશે?

વસે બ્રહ્માંડોમાં અમ ઉર વિષે વાસ વસતો

તું આઘેમાં આઘે પણ સમીપમાં નિત્ય હસતો

નમું આત્મા ઢાળી નમન લળતી દેહ નમજો

નમું કોટિ વારે વળી પ્રભુ નમસ્કાર જ હજો

## 76. Lord you are always with us...

Lord you are always with us,

fill us with your love,

Cover us with your peace,

show us your presence.

Help us to know that

we are under your protection,

and that we are covered by your love.

## 77. Come Lord...

Come Lord with the power of your presence into our midst.

Come with your power into our prayer.

Come with your power into our lives.

Come with your power into our work.

Come with your power into our togetherness.

and help us to be your presence

and to spread your love to one another

and to all we meet.

## 78. Prayer for Kindness…

Lord, help us to be kind and loving

Let no one come into our midst

without coming away better and happier.

Help us to be a living expression of your love and kindness.

Love and kindness in our face.

Love and kindness in our eyes.

Love and kindness in our smile.

Love and kindness in our greeting of hello and goodbye.

# 5. શુક્રવારે ગવાતી પ્રાર્થનાઓ...

## 79. હે શારદે માં...

हे शारदे माँ, हे शारदे माँ,

अज्ञानता से हमें तार दे माँ
तू स्वर की देवी ये संगीत तुझ से,

हर शब्द तेरा है हर गीत तुझ से,

हम है अकेले, हम है अधूरे,

तेरी शरण हम हमें प्यार दे माँ
हे शारदे माँ, हे शारदे माँ...

मुनियों ने समझी, गुनियों ने जानी,

वेदों की भाषा, पुराणों की बानी,

हम भी तो समझे, हम भी तो जाने,

विद्या का हमको अधिकार दे माँ
हे शारदे माँ, हे शारदे माँ...

तू श्वेत वर्णी कमल पे विराजे,

हाथों में वीणा, मुकुट सर पे साझे,

मन से हमारे मिटाके अंधेरे,

हमको उजालों का संसार दे माँ
हे शारदे माँ, हे शारदे माँ...

## 80. अच्चुतम केशवं कृष्ण दामोदरं.....

अच्चुतम केशवं कृष्ण दामोदरं,
राम नारायणं जानकी बल्लभम ।

कौन कहता हे भगवान आते नहीं,
तुम मीरा के जैसे बुलाते नहीं ।

*अच्चुतम केशवं कृष्ण दामोदरं,*
*राम नारायणं जानकी बल्लभम ।*

कौन कहता है भगवान खाते नहीं,
बेर शबरी के जैसे खिलाते नहीं ।

*अच्चुतम केशवं कृष्ण दामोदरं,*
*राम नारायणं जानकी बल्लभम ।*

कौन कहता है भगवान सोते नहीं,
माँ यशोदा के जैसे सुलाते नहीं ।

*अच्चुतम केशवं कृष्ण दामोदरं,*
*राम नारायणं जानकी बल्लभम ।*

कौन कहता है भगवान नाचते नहीं,
गोपियों की तरह तुम नचाते नहीं ।

*अच्चुतम केशवं कृष्ण दामोदरं,*
*राम नारायणं जानकी बल्लभम ।*

नाम जपते चलो काम करते चलो,
हर समय कृष्ण का ध्यान करते चलो ।

*अच्चुतम केशवं कृष्ण दामोदरं,*
*राम नारायणं जानकी बल्लभम ।*

याद आएगी उनको कभी ना कभी,
कृष्ण दर्शन तो देंगे कभी ना कभी ।

*अच्चुतम केशवं कृष्ण दामोदरं,*
*राम नारायणं जानकी बल्लभम ।*

# 81. જૈસે સૂરજ કી ગરમી સે જલતે હુએ તનકો..

જૈસે સૂરજ કી ગરમી સે જલતે હુએ તનકો,મિલ જાએ તરુવરકી છાયા,
ઐસા હી સુખ મેરે મનકો મિલા મૈ જબસે શરણ તેરી આયા,...મેરે રામ..

ભટકા હુઆ મેરા મન થા,કોઈ મિલ ના રહા થા સહારા,
લહેરો સે લડતી હુઇ નાવકો જૈસે મિલ ના રહા હો કિનારા,
ઉસ લડખડાતી હુઇ નાવકો  જો કીસીને કિનારા દિખાયા...ઐસા હી...

શીતલ બને આગ ચંદનકે જૈસી,રાઘવ કૃપા હો જો તેરી,
ઉજીયાળી પૂનમ કી હો જાયે રાતેં,જ્યોતિ અમાવાસ અંધેરી.
યુગયુગસે પ્યાસી મરુભૂમિને જૈસે પાની કા સંદેશ પાયા.....ઐસા હી..

જિસ રાહ કી મંઝિલ તેરા મિલન હો,ઉસ પર કદમ મૈ બઢાઉ,
ફૂલોમે તારો મેં પતઝડ બહારો મેં મૈ ના કભી ડગમગાઉ
પાની કે પ્યાસે કો તકદીર ને જૈસે જી ભરકે અમૃત પિલાયા....ઐસા હી....

## 82. મુખડાની માયા લાગી રે...

મુખડું મેં જોયું તારું, સર્વ જગ થયું ખારું
મન મારું રહ્યું ન્યારું રે, મોહન પ્યારા ... મુખડાની માયા

સંસારીનું સુખ એવું, ઝાંઝવાનાં નીર જેવું
તેને તુચ્છ કરી દેવું રે, મોહન પ્યારા ... મુખડાની માયા

સંસારીનું સુખ કાચું, પરણીને રંડાવું પાછું,
તેને તો શીદ યાચું રે, મોહન પ્યારા ... મુખડાની માયા

પરણું તો પ્રિતમ પ્યારો, અખંડ સૌભાગ્ય મારો,
રાંડવાનો નાવે વારો, મોહન પ્યારા ... મુખડાની માયા

મીરાંબાઈ બલિહારિ, આશા મને એક તારી
સંસારથી રહી ન્યારી રે, મોહન પ્યારા ... મુખડાની માયા

## 83. અમી ભરેલી નજરું રાખો......

અમી ભરેલી નજરું રાખો સરસ્વતી મોરી માત રે.

દર્શન આપો દુઃખડા કાપો...(૨) ધવલેશ્વરી મોરી

માત રે અમી....

ચરણ કમળમાં શીશ નમાવી વંદન કરું મોરી માત રે

દયા કરી વિધા દેજો...(૨) શારદા દેવી મોરી...

માત રે અમી....

હું વિધાર્થી તારે દ્વારે આવી ઉભો મોરી માત રે

આશિષ દેજે ઉરમાં લેજે...(૨) કમલેશ્વરી મોરી

માત રે અમી....

તારે ભરોસે જ્ઞાનની નૈયા હાંકી રહ્યો મોરી માત રે

બની સુકાની પાર ઉતારો.(૨) ભારતી દેવી મોરી

માત રે અમી....

ધવલ કમળમાં આપ બિરાજો વિણાવાદીની મોરી માત રે

વિધારૂપી જ્ઞાન જ દેજો....(૨) સરસ્વતી મોરી માત રે.

# 84. આપજો આપજો સારું સઘળું

આપજો આપજો સારું સઘળું મને, હે પ્રભુ, આજ આખા દિવસમાં;
બાળ ગણી વ્હાલ મારા ઉપર આણજો, જેથી હું રહું બધો દિવસ સુખમાં.

આપજો આપજો સદ્‌ગુણો આપજો, આપજો વળી બહુ શુભ વિચારો:
આપજો આપજો આપની ભક્તિને, આપજો વળી મને સંગ સારો.

આપજો આપજો મીઠી વાણી મને, રાખજો મારું મન ખૂબ રાજી;
સૌનું હું કામ કરું એવું બળ આપજો, સૌની સેવા કરું, જેથી ઝાઝી.

સૌથી બહુ આપજો આપ પ્રભુની કૃપા, જેથી મળશે મને જે હું માગું;
માગ્યું નથી સારું જે તેહ પણ આપજો, એટલું બોલી હું પાય લાગું.

# 85. આપને તારા અંતરનો એક તાર

આપને તારા અંતરનો એક તાર,

બીજું હું કાંઇ ન માંગું, સુ

ણજે આટલો આર્ત તણો પોકાર,

બીજું હું કાંઇ ન માંગું. ... આપને

તુંબડું મારું પડ્યું નકામું,

કોઇ જુએ નહીં એના સામું,

બાંધીશ મારા અંતરનો ત્યાં તાર,

પછી મારી ધૂન જગાવું,

સુણજે આટલો આર્ત તણો પોકાર,

બીજું હું કાંઇ ન માંગું આપને

એકતારો મારો ગૂંજશે મીઠું,

દેખશે વિશ્વ રહ્યું જે અદીઠું,

ગીતની રેલાશે એક અખંડિત ધાર,

તેમાં થઇ મસ્ત હું રાચું,

સુણજે આટલો આર્ત તણો પોકાર,

બીજું હું કાંઇ ન માંગું ... આપને

# ૪૬.　　ભક્તિ કરતાં છૂટે મારાં પ્રાણ

ભક્તિ કરતાં છૂટે મારાં પ્રાણ પ્રભુ એવું માંગુ છું
રહે હૃદયકમળમાં તારું ધ્યાન પ્રભુ એવું માંગુ છું

તારું મુખડું પ્રભુજી હું જોયાં કરું,
રાત દિવસ ગુણો તારાં ગાયા કરું,
અંત સમયે રહે તારું ધ્યાન, પ્રભુ એવું માંગુ છું ... ભક્તિ કરતાં.

મારી આશા નિરાશા કરશો નહી,
મારા અવગુણ હૈયે ધરશો નહી,
શ્વાસે શ્વાસે રહે તારું ધ્યાન, પ્રભુ એવું માંગુ છું ... ભક્તિ કરતાં.

મારાં પાપ ને તાપ સમાવી દેજો,
આ સેવકને ચરણોમાં રાખી લેજો,
આવી દેજો દર્શન દાન, પ્રભુ એવું માંગુ છું ... ભક્તિ કરતાં.

તારી આશાએ પ્રભુ હું તો જીવી રહ્યો,
તને મળવાને પ્રભુ હું તો તરસી રહ્યો,
મારી કોમળ કાયા ના કરમાય, પ્રભુ એવું માંગુ છું ... ભક્તિ કરતાં.

મારાં ભવોભવનાં પાપો દૂર કરો,
મારી અરજી પ્રભુજી હૈયે ધરો, મને રાખજે તારી પાસ,
પ્રભુ એવું માંગુ છું તું રહેજે ભવોભવ સાથ, પ્રભુ એવું માંગુ છું ... ભક્તિ કરતાં.

## 87. You are with me...

You are with me Wherever I go

Every moment Your life in me flows

You're always there close by my side

You are there o Lord both day and night

You are with me in my mother's womb

You are with me in days of gloom

You helped me stand against all odds

And you filled me with you strength o Lord

In times of sorrow in times of grief

You gave me hope, strengthened my belief

When I did fall and was in pain

Lord You set me on my feet again

You are with me Wherever I go

Every moment Your life in me flows

You're always there close by my side

You are there o Lord both day and night

# ૬. શનિવારે ગવાતી પ્રાર્થનાઓ...

## ૪૪. રાખ સદા તવ ચરણે

રાખ સદા તવ ચરણે અમને,

રાખ સદા તવ ચરણે

મધુમય કમલ સમા તવ શરણે ... રાખ સદા.

અમ તિમિરે તવ તેજ જગવજે,

અમ રુધિરે તવ રવ પેટવજે

અમ અંતરમાં તવ પદ ધરજે ... રાખ સદા.

અગાધ એ આકાશ સમા તવ,

અમ ચૈતન્ય બનાવ મહાર્ણવ,

અમને આપ સકળ તવ વૈભવ ... રાખ સદા.

# ૪9.     વીણાવાદિની વર દે

વીણાવાદિની વર દે !

તવ સુમંત્રથી મુખરિત વિલસિત

જલ-થલ-નભ કર દે ... વર દે!

વીણાવાદિની વર દે !

ઉર ઉર નિવસિત અમર પ્રાણદા ,

અતુલ શક્તિદા, વિમલ ભક્તિદા ,

મુક્તિપ્રદા ! અમ માતજ્ઞાનદા !

દીન-હીન સંકીર્ણ સ્વાંતના

મલિન સ્તરો હર દે ... વર દે !

વીણાવાદિની વર દે !

જ્ઞાનહીન અમ આત્મ સકલમાં,

ક્ષમા-ભાવહીન અંતરતરમાં,

ભર સુગંધ અમ અંગ-અંગમાં ,

કર પ્રદાન તુજ જ્યોતિ મંગલા ,

તવ શિશુઉર ભર દે ... વર દે !

વીણાવાદિની વર દે !

# 90. હનુમાન ચાલીસા

॥ દોહા ॥

શ્રી ગુરૂ ચરન સરોજ રજ, નિજ મન

મુકુરૂ સુધારિ ।

બરનઉં રઘુબર બિમલ જસુ, જો

દાયકુ ફલ ચારિ ॥

બુદ્ધિહીન તનુ જાનકે, સુમિરૌં પવન

કુમાર ।

બલ બુદ્ધિ વિદ્યા દેહુ મોહિં, હરહુ

કલેશ વિકાર ॥

॥ ચૌપાઈ ॥

જય હનુમાન જ્ઞાન ગુન સાગર ।

જય કપીસ તિહું લોક ઉજાગર ॥

રામદૂત અતુલિત બલ ધામા ।

અંજનિ પુત્ર પવન સુત નામા ॥

મહાવીર વિક્રમ બજરંગી ।

કુમતિ નિવાર સુમતિ કે સંગી ॥

કંચન બરન વિરાજ સુવેસા ।

કાનન કુંડલ કુંચિત કેસા ॥

હાથ બજ્ર ઔર ધ્વજા બિરાજૈ ।

કાંધે મૂંજ જનેઊ સાજૈ ॥

શંકર સુવન કેસરી નંદન ।

તેજ પ્રતાપ મહા જગ બંદન ॥

વિદ્યાવાન ગુની અતિ ચાતુર ।

રામ કાજ કરિબે કો આતુર ॥

પ્રભુ ચરિત્ર સુનિબે કો રસિયા ।

રામ લખન સીતા મન બસિયા ॥

સૂક્ષ્મ રૂપ ધરિ સિયહિં દિખાવા ।

વિકટ રૂપ ધરિ લંક જલાવા ॥

ભીમ રૂપ ધરિ અસુર સંહારે ।

રામચંદ્ર કે કાજ સંવારે ॥

લાય સંજીવન લખન જિયાયે ।

શ્રી રઘુબીર હરષિ ઉર લાયે ॥

રઘુપતિ કીન્હીં બહુત બડ઼ાઈ ।

તુમ મમ પ્રિય ભરતહિ સમ ભાઈ ॥

સહસ્ર બદન તુમ્હારો જસ ગાવૈં ।

અસ કહિ શ્રીપતિ કંઠ લગાવૈં ॥

સનકાદિક બ્રહ્માદિ મુનિસા ।

નારદ સારદ સહિત અહીસા ॥

જમ કુબેર દિક્પાલ જહાં તે ।

કવિ કોવિદ કહિ સકે કહાં તે ॥

તુમ ઉપકાર સુગ્રીવહિં કીન્હાં ।

રામ મિલાય રાજ પદ દીન્હાં ॥

તુમ્હરો મંત્ર વિભીષણ માના ।

લંકેશ્વર ભયે સબ જગ જાના ॥

જુગ સહસ્ત્ર યોજન પર ભાનુ |

લીલ્યો તાહિ મધુર ફલ જાનુ ॥

પ્રભુ મુદ્રિકા મેલિ મુખ માહીં |

જલધિ લાંઘી ગયે અચરજ નાહીં ||

દુર્ગમ કાજ જગત કે જેતે |

સુગમ અનુગ્રહ તુમ્હરે તેતે ||

રામ દુઆરે તુમ રખવારે |

હોત ન આજ્ઞા બિનુ પૈસારે ||

સબ સુખ લહૈ તુમ્હારી સરના |

તુમ રક્ષક કાહુ કો ડરના ||

આપન તેજ સમ્હારૌ આપે |

તીનો લોક હાંક તે કાંપે ||

ભુત પિશાચ નિકટ નહિં આવૈ |

મહાવીર જબ નામ સુનાવૈ ||

નાસે રોગ હરે સબ પીરા |

જપત નિરંતર હનુમંત બિરા ||

સંકટ સે હનુમાન છુડાવૈ |

મન કર્મ બચન ધ્યાન જો લાવૈ ||

સબ પર રામ તપસ્વી રાજા |

તિન કે કાજ સકલ તુમ સાજા ||

ઔર મનોરથ જો કોઈ લાવે |

સોઈ અમિત જીવન ફલ પાવે ||

ચારો જુગ પરતાપ તુમ્હારા |

હૈ પ્રસિધ્ધ જગત ઉજીયારા ||

સાધુ સંત કે તુમ રખવારે |

અસુર નિકંદન રામ દુલારે ||

અષ્ટ સિધ્ધિ નૌ નિધિ કે દાતા |

અસ બર દીન જાનકી માતા ||

રામ રસાયન તુમ્હરે પાસા |

સદા રહો રઘુપતિ કે દાસા ||

તુમ્હરે ભજન રામકો પાવે |

જનમ જનમ કે દુઃખ બિસરાવૈ ||

અન્ત કાલ રઘુબર પુર જાઈ |

જહાં જન્મ હરી ભકત કહાઈ ||

ઔર દેવતા ચિત ન ધરઈ |

હનુમંત સેઈ સર્વ સુખ કરઈ ||

સંકટ કટે મિટૈ સબ પીરા |

જો સુમિરૈ હનુમંત બલવીરા ||

જય, જય, જય, હનુમાન ગોસાઈ |

કૃપા કરહુ ગુરુ દેવકી નાઈ ||

જો સતબાર પાઠ કર કોઈ |

છુટહિ બન્દિ મહા સુખ હોઈ ||

જો યહ પઢૈ હનુમાન ચાલીસા |

હોય સિધ્ધિ સાખી ગૌરીસા ||

તુલસીદાસ સદા હરિ ચેરા |

કીજે નાથ હદય મહં ડેરા ||

પવન તનય સંકટ હરન

મંગલ મૂરતિ રુપ |

રામલખનસીતા સહિત

હૃદય બસહુ સુરભૂપ ||

## 91. મંગલ મૂરતિ મારુતિ નંદન...

મંગલ મૂરતિ મારુતિ નંદન,

સકલ અમંગલ મૂલ નિકંદન ...મંગલ

પવનતનય સંતન હિતકારી,

હ્દય બિરાજત અવધ બિહારી ...મંગલ

માતાપિતા ગુરુ ગણપતિ શારદ,

શિવા સમેત શંભુ શુક્ર નારદ ...મંગલ

ચરનકમલ બંદઉ સબ કાહુ,

દેહુ રામપદ નેહુ નિબાહુ ...મંગલ

જય જય હનુમાન ગુંસાઇ,

કૃપા કરો ગુરુદેવકી નાઇ...મંગલ

બંદઉ રામ લખન વૈદેહી

યહ તુલસી કે પરમ સનેહી...મંગલ

મંગલ મૂરતિ મારુતિ નંદન

# 92. ધૂણી રે ધખાવી

ધૂણી રે ધખાવી બેલી અમે તારા નામની

હરીના એ નામની રે અલખના એ ધામની ... ધૂણી રે ધખાવી

ભૂલો રે પડ્યો રે હંસો આંગણે ઊડીને આવ્યો

તન-મનથી તરછોડાયો, મારગ મારગ અથડાયો

હે ગમ ના પડે રે એને ઠાકુર તારા નામની ... ધૂણી રે ધખાવી...

કોને રે કાજે રે જીવડા ઝંખના તને રે લાગી

કોની રે વાટ્યું જોતા ભવની આ ભાવટ ભાગી

હે તરસ્યું રે જાગી જીવને ભક્તિ કેરા જામની ... ધૂણી રે ધખાવી...

# 93. માને તો મનાવી લેજો રે

માને તો મનાવી લેજો રે..

હે ઓધાજી મારા વા'લાને વઢીને કે'જો જી,

માને તો મનાવી લેજો રે..

મથુરાના રાજા થ્યા છો,

ગોવાળોને ભૂલી ગ્યા છો,

માનીતી ને ભૂલી ગ્યા છો રે..

હે ઓધાજી.. માને તો મનાવી લેજો રે..

એકવાર ગોકૂળ આવો,

માતાજી ને મ્હોંઢે થાવો,

ગાયો ને હંભારી જાઓ રે..

હે ઓધાજી.. માને તો મનાવી લેજો રે..

વા'લાની મરજીમાં રહેશું,

જે કહેશે તે લાવી દેશું,

કુબજા ને પટરાણી કેશું રે..

હે ઓધાજી.. માને તો મનાવી લેજો રે..

તમે છો ભક્તોના તારણ,

એવી અમને હૈયા ધારણ,

ગુણ ગાયે ભગો ચારણ,

હે ઓધાજી.. માને તો મનાવી લેજો રે..

# 94. રાખનાં રમકડાં

રાખનાં રમકડાં મારા રામે રમતાં રાખ્યાં રે

મૃત્યુલોકની માટીમાંથી માનવ કહીને ભાખ્યાં રે

રાખનાં રમકડાં, રમકડાં ...

બોલે ડોલે રોજ રમકડાં, નિત નિત ગમતું માંગે

આ મારું આ તારું કહીને એકબીજાને ભાંડે રે,

રાખનાં રમકડાં, રમકડાં ...

એઇ કાચી માટીને કાયામાંથી માયા કેરા રંગ લગાયા

એજી ઢીંગલા ઢીંગલીએ ઘર માંડ્યાં ત્યાં તો વિંઝણલા વિંઝાયા રે

રાખનાં રમકડાં, રમકડાં ...

તંત અનંતનો તંત ન તૂટ્યો ને રમત અધૂરી રહી,

તનડા ને મનડાની વાતો આવી એવી ગઇ,

રાખનાં રમકડાં, રમકડાં ...

# 95. આનંદ મંગલ કરું આરતી

આનંદ મંગલ કરું આરતી, હરિ ગુરુ સંતની સેવા,

પ્રેમ ધરી મંદિર પધરાવું, સુંદર સુખડાં લેવા...આનંદ મંગલ

રત્ન જડીત બાજોઠ ઢળાવ્યા, મોતી ચોક પૂરાવ્યા,

રત્ન કુંભ વત બાહર ભીતર, અકળ સ્વરૂપી એવા...આનંદ મંગલ

અનહદ વાજાં ભીતર વાગે, આનંદ રૂપી એવા,

જેને આંગણ તુલસીનો ક્યારો, શાલિગ્રામની સેવા...આનંદ મંગલ

સંત મળે તો મહાસુખ પામું, ગુરુજી મળે તો મેવા,

ત્રિભુવન તારણ ભગત ઉધારણ, પ્રગટ્યા દરશન દેવા...આનંદ મંગલ

અડસઠ તીરથ ગુરુજી ને ચરણે, ગંગા જમના રેવા,

કહે પ્રીતમ ઓળખ અણસારો, હરિના જન હરિ જેવા...આનંદ મંગલ